K. P. Shah

સિદ્ધાંત દષ્ટિ
અને પુષ્ટિ માર્ગમાં
આપણું સ્થાન

પ્રસ્તુતિ

વ્યાખ્યાતાઃ
શ્રીમદ્વાલ્લભ ચતુર્થપીઠાધીશ્વર
ગોસ્વામી શ્રી દેવકીનંદનાચાર્યશ્રી

સિદ્ધાંત દૃષ્ટિ
અને પુષ્ટિ માર્ગમાં
આપણું સ્થાન

પ્રસ્તુતિ

વ્યાખ્યાતાઃ

શ્રીમદ્વાલ્લભ ચતુર્થપીઠાધીશ્વર
ગોસ્વામી શ્રી દેવકીનંદનાચાર્યશ્રી

પ્રકાશક:-
શ્રી ગોસ્વામિની શ્રીમતી પાર્વતી વહુજી એજ્યુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, ચતુર્થ પીઠ, ગોકુલ.

પ્રથમ આવૃત્ત:- વલ્લભાબ્દ-- ૫૧૨. પ્રત:- ૧૦,૦૦૦

પ્રાપ્તિસ્થાન:-
શ્રીમદ્ ચતુર્થ-પીઠ,
ગોકુલ (મથુરા, ઉત્તરપ્રદેશ)- ૨૮૧૩૦૩

નવનીતલાલ કે. મહેતા
૭૬, પંકજ સોસાયટી, ભઠ્ઠા,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.

મનુકાન્ત સી. શાહ
બીજે માળ, કીટ-કેટ કો.હા. સોસાયટી,
કસ્તુરબા રોડ નં. ૧. બોરીવલી (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૬.

પ્રવીણભાઈ વી. મહેતા
૪૭-૪૯, કીકા સ્ટ્રીટ, દહીંવાળાનો માળો,
ચોથે માળ, રૂમ નં. ૩૧.
મુંબઈ-૪૦૦ ૦૦૪.

ગોવિંદલાલ એમ. શાહ
૯૦, વાઘેશ્વરી સોસાયટી નં. ૨,
કારેલીબાગ,
વડોદરા.

મુદ્રક:-
કોનમ પ્રિન્ટર્સ-
તારદેવ,
મુંબઈ-૪૦૦ ૦૩૪.

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન છે.

પ્રાક્કથન

વૈષ્ણવવૃંદ !

એતન્મતમવિજ્ઞાય સાત્ત્વિકા અપિ વૈ હરિમ્ ।
મતાન્તરૈર્ન સેવન્તે તદર્થંહ્યેષ ઉદ્યમઃ ।।

(શાસ્ત્રાર્થ નિબંધ, કા ૧૦-૨૨)

આ કારિકાથી શ્રીમહાપ્રભુ જણાવે છે કે તેઓશ્રીનો નિબંધ કરવાનો જે ઉદ્યમ છે તેનો હેતુ કાંઈ સંપૂર્ણ સૃષ્ટિને શ્રેય પ્રાપ્ત કરાવવાનો નથી. પરંતુ, જેઓ ભક્તિનો સ્વભાવ ધરાવતાં હોવા છતાં પણ ભ્રાંત કરનાર અન્ય મતોનું શ્રવણ કરીને ભગવન્માર્ગથી વિમુખ થાય છે તેઓની ભ્રાંતિ દૂર કરીને તેઓને ભગવન્માર્ગમાં પ્રવૃત્ત કરાવવાનો છે.

આ વાતનું સ્મરણ મને વારંવાર થયા કરે છે તેથી તેઓશ્રીના કૃપાબળથી યથામતિ આ લેખ પ્રકટ કરી હું મારા ઉત્તરદાયિત્વને નિભાવી રહ્યો છું.

છેલ્લા ઘણા સમયથી શ્રીમહાપ્રભુના સિદ્ધાંતના સંદર્ભમાં કર્તવ્ય-અકર્તવ્યના ઘણાં બધાં પ્રશ્નો ઉપસ્થિત થતાં રહ્યા છે. એક બાજુ હાલની પરિસ્થિતિમાં જન-માનસની અહં-મમથી પ્રેરાયેલી વ્યાવહારિકતાનો પ્રશ્ન છે અને બીજી બાજુ શ્રીમહાપ્રભુની વાણીથી સ્પષ્ટ થતાં સિદ્ધાંતનો પ્રશ્ન છે. હવે પ્રશ્ન થાય કે કોના સ્વીકારમાં સાચો વિવેક રહેલો છે. આ બાબતમાં નિત્ય-અનિત્ય વિવેકથી થોડો ગંભીર વિચાર કરતાં આપણને દેખાઈ આવે છે કે અહં-મમથી પ્રેરાયેલી વ્યાવહારિકતાનો આધાર અનિત્ય છે અને શાશ્વત વિકાસનો માર્ગ આપનાર શ્રીમહાપ્રભુના સિદ્ધાંતનો આધાર નિત્ય છે. તેથી, વસ્તુસ્થિતિને ગૂંચવનાર હાલના થોડાક પ્રશ્નોનો વિચાર શ્રીમહાપ્રભુના માર્ગદર્શન પ્રમાણે મેં અહીં કર્યો છે. આનો હેતુ આજની પરિસ્થિતિમાં કોઈપણ જાતના અવિચારિત ઉત્સાહથી સિદ્ધાંતનું સ્વરૂપ ખંડિત ન થાય અને સાથે-સાથે લૌકિક વ્યવસ્થામાં કોઈ ખલેલ ન પહોંચે તે જ છે. પરંતુ, આ બધું આપણા ધૈર્ય, પરિપકવ વિચારશ્રેણી, દીર્ઘદૃષ્ટિ અને શ્રીમહાપ્રભુના ચરણારવિંદની નિષ્ઠા પરજ આધારિત છે. જો આવેશ,

સંકુચિત દૃષ્ટિ અને પ્રાંતીયવાદની જેમ એક જ ગ્રામ, સ્થાન કે પરિસ્થિતિના આધારે જ નિર્ણય કરવાની અસ્વસ્થ મનોવૃત્તિ રાખવામાં આવશે તો રચનાત્મક અને સકારાત્મક રીતે કરાયેલ ચર્ચા પણ નકારાત્મક કે ખંડનાત્મક જ લાગશે. આનું એક ઉદાહરણ જ આ વાત સમજવામાં પર્યાપ્ત થશે.

આપણી સૃષ્ટિમાં શ્રીગોકુલનાથજીના મંદિરોની શરૂઆત સૌથી પહેલાં પૂજ્ય શ્રીલક્ષ્મણલાલજી મહારાજના વખતમાં થઈ. તે મંદિરોની સ્થાપનાનો મૂળ ઉદ્દેશ, એની સંચાલન-પદ્ધતિ, એનો આજથી ૪૦-૫૦ વર્ષ પૂર્વેનો ઈતિહાસ વગેરેને આજે આપણે દુર્ભાગ્યવશ ભૂલી ગયા છીએ તેથી જ્યારે મંદિરોની વ્યવસ્થાની આજે જે પરિસ્થિતિ છે એની સામે સિદ્ધાંતની દૃષ્ટિએ કોઈપણ યોગ્ય વાત કહેવામાં આવે છે. તો તે આપણને ગળે ઊતરતી નથી. કેમ કે નથી આપણી પાસે શ્રીમહાપ્રભુની વાણીની સમજ કે નથી આપણી પાસે ઈતિહાસની દૃષ્ટિ તેથી મંદિરના સાચા પ્રકાર માટે કહેવામાં આવ્યું ત્યારે આપણને લાગ્યું કે આપણા આચાર્ય મંદિરનો વિરોધ કરે છે. જ્યારે મંદિરોમાં ચાલતા મહાપ્રસાદના ખરીદ-વેચાણ જેવી નિંદિત પદ્ધતિની વિરુદ્ધમાં કહેવામાં આવ્યું ત્યારે આપણને લાગ્યું કે મહાપ્રસાદનો જ વિરોધ કરવામાં આવે છે. પણ આપણામાંથી સાચી વાત સમજવાનો યત્ન કોણે કર્યો ?

આ રીતે કોઈ વાત સાંભળીને જો આશય ધ્યાનમાં ન આવતો હોય તો શાંત ચિત્તથી એનો વિચાર કરવો જોઈએ. તે પછી જ કોઈપણ જાતની ધારણા બનાવવી જોઈએ. નહિ તો કોઈ માટે સારું પરિણામ નહિ આવે.

વિશ્વાસ રાખું છું કે જે કાંઈ વિચારો અહીં પ્રસ્તુત થયા છે તેને નિષ્પક્ષ તેમ જ આદરદૃષ્ટિથી ન વિચારી શકો તો છેવટે માનવીય સહૃદયતાથી તો વિચારશો. આ રજૂઆત જો તમને સર્વને શ્રીમહાપ્રભુના સિદ્ધાંતની દિશામાં વિચારવા માટે પ્રેરિત કરી શકશે તો હું તેને મારા કર્તવ્યની સફળતા માનીશ. તમને કદાચ મારા બોલ કડવા લાગશે પણ જો તે તમને સિદ્ધાંતની દિશા તરફ દોરી જશે તો તમારા એ પ્રતિભાવને પણ હું પ્રેમથી સ્વીકારીશ અંતમાં આ કહેતા કિરાતાર્જુનીય કાવ્યના આ શબ્દો યાદ આવી જાય છે–

‘હિતં મનોહારિ ચ દુર્લભં વચ:।’
–હિતકારી તેમજ મનોહર વચન દુર્લભ હોય છે.

...અને હવે એ અનિવાર્ય ઉલ્લેખ કે જે ન કરવાથી મને જ કંઈક ઉણપ લાગશે. સર્વપ્રથમ, મારા બોલવાની સાથેસાથે લખનારા– મારા જ બધા– અનેક છે– કોનો કોનો ઉલ્લેખ કરું ? અને પછી પાંડુલિપીનું વારંવાર વાંચન, મુદ્રણ માટે અંતિમરૂપ આપવું અને આ બધા ઉપરાંત પ્રૂફ-રિડીંગની સજાનો સહર્ષ સ્વીકાર કરનાર– અત્યંત નિષ્ઠા અને કર્તવ્યભાવથી... એ મારા અતિપ્રિય શિષ્ય ચિરંજીવ નીરવ માટે વિશેષ શું લખું? અનિવાર્યતાના આ પ્રસંગમાં અમારા મુદ્રક– કોનમ પ્રિન્ટર્સ– કે જેમના સહયોગ વગર કદાચ આ બધાનો આરંભ થયો હોવા છતાં અમે આરંભની જ પ્રતિક્ષા કરતા હો’ત... એમને કેમ ભૂલી શકાય ?

બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ।
ધ્યાનાસમર્થજીવાનાં અસ્માકં સર્વદા સ્વત:।।

શ્રીગોકુલનાથજીનો પ્રાકટ્ય ઉત્સવ
શ્રીવલ્લભાબ્દ– ૫૧૨.

શ્રી ગોકુલેશો જયતિ
શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ
શ્રી કૃષ્ણાય નમઃ

मंगलाचरणम्

सर्वाम्नायमयेन येन वहतान्तः पुण्डरीकेक्षणं
हृत्पद्मानि विकासितानि सुपथा व्यक्तीकृताहर्षिताः।
हंसालोचनरोधिनः प्रमथिता वादा प्रमादावहा
गोभिः कर्म सतां प्रवर्तितमसौ श्रीवल्लभाऽर्कोऽवतात्।।

यो गिरीन्द्रमवष्टभ्य स्थितो भक्तरिरक्षया।
सप्ताहमवन्येन्द्रं तं वन्दे वल्लभात्मजम्।।

गोकुलस्य तु यो गोप्ता पुष्टिपथसुरक्षिता।
जनिता तुर्यवंशस्य गोकुलेशं नमामि तम्।।

श्रीगोकुलपतेर्नित्यं शुभदमास्पदं महत्।
श्रीवाल्लभमते निष्ठं तुर्यपीठं वयं नुमः।।

पुनश्च
यथाधिकारं शरणभक्तिमार्गोपदेशतः।
य उद्दधार सर्वांस्तं वन्दे श्रीवल्लभप्रभुम्।।

।। શ્રીકૃષ્ણાય નમ: ।।

શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમ ।।

તમે પણ પુષ્ટિમાર્ગીય છો!

અસમર્પિતવસ્તુનાં તસ્માદ્ વર્જનમાચરેદ્ ।
નિવેદિભિ: સમર્પ્યૈવ સર્વં કુર્યાદિતિ સ્થિતિ: ।।

બ્રહ્મસંબંધ વિના બધા દોષોની નિવૃત્તિ સંભવ નથી. તેથી અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો જોઈએ. તેથી પરિવારજનોને સેવામાં સહયોગી બનાવવા જોઈએ તેમ જ અચેતન ગૃહ, વિત્ત,અન્ન, વસ્ત્ર, આભૂષણ વગેરેને પણ યોગ્ય રીતે ભગવત્સેવામાં વાપરીને પોતાના કામમાં લાવવાં જોઈએ. આ આપણા ભકિતમાર્ગની નિર્દુષ્ટ મર્યાદા છે. (પુરુષોત્તમજીની વ્યાખ્યા શ્લોક. ૪-૫)

બીજદાર્ઢ્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા..... કૃષ્ણં ભજેત્

આપણા માર્ગમાં ભગવદ્ભજન ઘરમાં રહ્યા વિના સંભવતું નથી. ઘરમાં કરવામાં આવતા ભગવદ્જનના પ્રકાર સિવાય બીજો કોઈ પણ ભગવદ્ભજનનો પ્રકાર છે જ નહિ, તેથી ભગવદ્ભજન માટે અનુકૂળ એવા ઘરમાં રહીને સ્વધર્મત: શ્રીકૃષ્ણની સેવા કરવી. (શ્રીગોકુલેશની વ્યાખ્યા શ્લોક. ૨)

કૃષ્ણસેવા સદા કાર્યા..... તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા

ભગવત્સેવા માટે બીજાનું ધન લેવું કે બીજાને ધન આપવું તે ભગવત્સેવા કરવાની ઉચિત રીતિ નથી. તેથી શ્રી મહાપ્રભુજી તનુજાસેવા અને વિત્તજાસેવા એમ બે નોખી નોખી સેવા કરવાનો ઉપદેશ આપતા નથી, પણ તનુવિત્તજા એમ એક જ સેવા કરવાનો ઉપદેશ આપે છે. (પ્રભુચરણ શ્રી ગુસાંઈજીની વ્યાખ્યા)

સેવા માટે બીજાને ધન આપવાથી અહંકાર વધે છે. સેવા માટે બીજાનું ધન લેવાથી સેવા નિષ્ફળ બની જાય છે. (શ્રી પુરુષોત્તમજીની વ્યાખ્યા)

દાને હિ ન સ્વવિનિયોગો ન તુ નિવેદને

પ્રભુને જે કંઈ ભેટરૂપે ધરવામાં આવે તે પ્રભુને દાનરૂપે અપાયું હોવાથી દેવદ્રવ્ય બની જાય છે. તેનો પ્રસાદ તરીકે પાછો ઉપભોગ આપણે કરી શકતા નથી. પ્રભુને નિવેદન ફકત કર્યું હોય તો લઈ શકાય છે.

(પ્રભુચરણની નવરત્નની વ્યાખ્યા)

તબ એક વૈષ્ણવને શંકા કિંની જો મહારાજ વા દિંન આપુને રાજભોગ તાંઈકો પ્રસાદ ગૌઆનકો ખવાયો ઔર શ્રીયમુનાજીમેં પધરાયો તાકો કારણ કહા? તબં આપ કહે જો કટોરી (ગિરવી) ધરિકે સામગ્રી આઈ સો તો ભોગ શ્રીઠાકોરજી આપહીકે દ્રવ્યકો આરોગે સો તો આપ હી કો ભયો જો શ્રીઠાકોરજીકો દ્રવ્ય ખાયગો સો મેરો નાહિ ઔર મેરો સેવક ભગવદીય હોયગો સો દેવદ્રવ્ય કબહૂ ન ખાયગો, જો ખાયગો સો મહાપતિત હોયગો. તાતે વા પ્રસાદમેં તે ભોજન કરવેકો અપનો અધિકાર ન હતો, વાકે લિંયે ગૌઆનકો ખવાયો ઔર શ્રી યમુનાજીમેં પધરાયો. (નિજવાર્તા-ઘરુવાર્તા)

કૌણ્ડિન્યો ગોપિકા:પ્રોક્તા: ગુરવ: સાધનં ચ તત્
ભાવો ભાવનયા સિદ્ધ: સાધનં નાન્યદિષ્યતે

(શ્રી મહાપ્રભુજીકૃત સંન્યાસનિર્ણય)

**ગુપ્તસ્યૈવ અભિવૃદ્ધિસ્વભાવકત્વાદ્ આશ્રમધર્મૈરેવ
લોકે સ્વં ભગવદ્ભાવમ્ અનાવિષ્કુર્વન્ ભજેત્...
એતેન યાવદ્ અન્ત:કરણે સાક્ષાત્ પ્રભો: પ્રાકટ્યં નાસ્તિ
તાવદેવ બહિરાવિષ્કરણં ભવતિ પ્રાકટ્યે તુ તથા ન સંભવતિ**

(અણુભાષ્ય ૩/૪/૪૯)

પુષ્ટિભક્તિ વ્રજભકતોના ભાવોની ભાવના સાથે કરવી જોઈએ. બીજા કોઈ સાધનની અપેક્ષા નથી છતાં ભાવ જો ગુપ્ત રહે તો જ વધે છે, તેથી પોતાના આશ્રમધર્મોની આડમાં પોતાના ભગવદ્ભાવને ગુપ્ત રાખીને ભગવદ્ભજન કરવું જોઈએ. જેના હૃદયમાં પ્રભુ નથી બિરાજતા તે જ પોતાના ભાવોને જાહેરમાં પ્રદર્શન કરતો હોય છે. જો પ્રભુ હૃદયમાં બિરાજતા હોય હોય તો તે સંભવ નથી.

**કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દંભાદિરહિતં નરમ્
શ્રીભાગવત્તત્વજ્ઞં ભજેદ્ જિજ્ઞાસુરાદરાત્
તદ્ભાવે સ્વયં વાપિ મૂર્તિં કૃત્વા હરે: ક્વચિત્
પરિચર્યાં સદા કુર્યાદ્**

જે ગુરુ સેવાને ઉત્તમ માનીને સેવાનો ઉપદેશ આપતો હોય તો તે પોતે કેમ સેવાપરાયણ ન રહે? તેથી જે સેવાપરાયણ હોય તેને જ ગુરુ બનાવવા. તે ભગવત્સેવા દંભ (ધનસંગ્રહ, શિષ્યસંગ્રહ, સંગઠનસંગ્રહ કે યશસંગ્રહ) વિગેરે હેતુથી પ્રેરિત ન હોવી જોઈએ, કેમ કે સિદ્ધાંત મુજબ કરવામાં આવતી સેવા જ પુરુષાર્થરૂપ હોય છે. મનમાં બીજા હેતુઓ હોય અને બહારથી સેવાપરાયણતા દેખાડીએ તો તેવી સેવા સફળ થઈ શકતી નથી ગુરુ શ્રીમદ્ ભાગવત્ના મુખ્ય સિદ્ધાંત કે તત્ત્વનો જાણકાર પણ હોવો જોઈએ. જો એવો ગુરુ ન મળે તો જાતે જ ભગવત્સેવામાં પ્રવૃત્ત થઈ જવું જોઈએ,

(શ્રી મહાપ્રભુજીકૃત સર્વનિર્ણયની વ્યાખ્યા)

**તેન ગુરુત્વમેવ વૃત્તિત્વેન ફલતિ યુકતં ચ એતદ્
અનુપકૃત્ય પરસ્વગ્રહણે ઋણિત્વેન બંધસ્ય પ્રસંજનાત્
કિંચ ઋતોત્તરમ્ અમૃતા ખ્યાયા: અયાચિતવૃત્તે: ઉકતત્વાત્
તસ્યામપિ શિષ્યસ્યૈવ ગ્રાહ્યં ન ઈતરસ્યતુ એવં સંકોચે
તસ્યામપિ પ્રશંસ્તત્વસિદ્ધિ:**

તેથી ગુરુ તરીકે આવતી ચરણભેટથી ગોસ્વામીમહારાજશ્રીનો નિર્વાહ થવો જોઈએ, આ રીતિ ઉચિત છે, નહિ તો કોઈ પણ રીતે ઉપકાર કર્યા વિના બીજાનું ધન લેતાં તેના ઋણી થવું પડે છે જે બંધનકારક હોય છે. વળી વિના માગે જે મળતું હોય તેમાં પણ ગુરુભાવે જે કાંઈ શિષ્ય આપણને આપે તેથી નિર્વાહ કરવાનું વ્રત લઈએ તો એ વધારે પ્રશંનીય છે.

(પુરુષોત્તમજીકૃત સ્વવૃત્તિવાદનો અનુવાદ)

ચિતિંચ ચિતિકાષ્ઠં ચ પૂયં ચંડાલમેવ ચ ।
સ્પૃષ્ટવા દેવલકં ચૈવ સવાસા જલમાવિશેદ ।।
દેવાર્ચનપરો યસ્તુ વિત્તાર્થી વત્સરત્રયમ્ ।
સવૈ દેવલકો નામ હવ્યકવ્યેષુ ગર્હિત: ।।

મડદા, તેના દાહ માટે વપરાયેલાં લાકડાં, રુધિર-માંસ, મરેલા જાનવરની ખાલ કાઢીને વેચનાર તેમ જ ધન કમાવા માટે દેવપૂજા કરનાર, આટલી વસ્તુ કે વ્યકિતનો સ્પર્શ થતાં પહેરે કપડે સ્નાન કર્યા પછી જ ઘરમાં પ્રવેશ કરવો જોઈએ. (પુરુષોત્તમજી રચિત દ્રવ્યશુદ્ધિ)

તતો ભાગવતં કૃતમ્ એતદભ્યસનાલ્લોકે
મુખ્યતેનુપજીવનાત્..... પઠનીયં પ્રયત્નેન સર્વ
હેતુવિવર્જિતં, વૃત્ત્યર્થં નૈવ યુંજીત પ્રાણૈ:
કંઠગતૈરપિ, તદભાવે યથૈવ સ્યાત્ તથા નિર્વાહમાચરેત્

શ્રીમદ્ ભાગવતના અભ્યાસથી જ બધું સિદ્ધ થાય છે પણ શરત એક જ. તેનું પ્રવચન/શ્રવણ આજીવિકા માટે થતું ન હોય તો, કેમ કે તે મહાન દોષ છે. તેથી ભાગવતપાઠ કોઈ પણ જાતના (ભંડોળ ભેગું કરવા વગેરે) હેતુથી રહિત હોવો જોઈએ. આજીવિકા માટે તો પ્રાણ ગળામાં અટક્યા હોય તો પણ ભાગવતનો ઉપયોગ કરવો જોઈએ નહિ.

આમ ઉપર જણાવેલ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતથી સર્વથા વિપરીત હોવા છતાંય જાહેર ટ્રસ્ટ મંદિરો/જાહેર ખાનગી મંદિરોમાં થતા ભગવત્સેવાના ભવાડામાં ભેગા થઈને, ત્યાં નિત્યનિયમે દર્શન કરવા જવાના દુરાગ્રહથી, ધનોપાર્જન માટે કરવામાં આવતા મનોરથોની ઝાંખીના ધતિંગને આર્થિક કે બીજી રીતે સક્રિય પ્રોત્સાહન આપી,

દેવદ્રવ્યથી ધરવામાં આવેલ ભોગસામગ્રીને કે જેનો પ્રસાદ લેતાં, શ્રીમહાપ્રભુજી આપણને 'મહાપતિત' ગણે, તેને પણ મોહવશ થઈને તેમ જ ભંડોળી ભાગવતકથાઓને આર્થિક કે બીજી રીતે પ્રોત્સાહન આપી આપણે આપણા શ્રીમદાચાર્યચરણ સાથે જબરદસ્ત વિશ્વાસઘાત કર્યો છે.

તેના પરિણામરૂપે આજે આપણા દેશની સર્વોચ્ચ અદાલતે આપણા સિદ્ધાંતોની અવગણના કરીને ત્રણ-ત્રણ ચુકાદાઓ આપણી વિરુદ્ધ આપ્યા છે.

વલ્લભસંપ્રદાયદ્વેષી લોકોની હલકી વાતો ન્યાયાધીશોને ગળે ઊતરી જાય છે પણ આપણા સિદ્ધાંતો તેઓને ગળે ઊતરતા નથી. પારિવારિક ભાવનાથી પૂર્વમાં ફકત દર્શન માટે આપવામાં આવેલી છૂટના દુષ્પરિણામરૂપે આજે સંપ્રદાયના ધર્મગુરુઓને પૂજારીપણાની હલકી પાયરી ઉપર બધી રીતે પટકી દેવા માટે સંપ્રદાયવિરોધી કુનેહ સફળ થવા જાય છે. જતે દહાડે હતાશ ગોસ્વામીવર્ગ પોતાને દેવલક પૂજારી માની બેસવાની માનસિકતાથી ઘેરાઈ જશે. આપણા દિવ્ય સંપ્રદાયની આવી દુર્ગતિ કરવાની જિમ્મેદારી વૈષ્ણવો ઉપર છે કે મહારાજશ્રીઓ ઉપર એ વિવાદનો સમય હવે વીતી ગયો છે.

આવો! આપણે શ્રીમહાપ્રભુજીથી આપણા દુષ્કૃત્યની ક્ષમા-યાચના માગીએ-સોગંદ લઈએ કે–

[૧] પોતાને માથે ન બિરાજતા હોય તેવા કોઈ પણ શ્રીઠાકોરજીનાં દર્શન કરવાનો નિત્યનિયમ નહિ લઈએ કે જેથી કોઈપણ પુષ્ટિપ્રભુને નંદાલય છોડી જાહેર અનાથાલયમાં બિરાજવાનો પરિશ્રમ થાય, કેમ કે આપણા આવા દુષ્કૃત્યથી જાહેર જનતાનો કાનૂની અધિકાર ઊભો થતો હોય છે.

[૨] જે મનોરથો મનોરથીના પોતાના ધનથી પોતાને માથે અને પોતાને ઘરે બિરાજતાં સ્વરૂપોના પોતાના અંગત ભગવદીયો સાથે ઊજવવા માટે નથી તેવા મનોરથોમાં ભેટસામગ્રી આપી કે દર્શન કરવા જઈને શ્રીમહાપ્રભુજીના શ્રીનિધિ સ્વરૂપ, સંપ્રદાય કે સિદ્ધાંતને હવે આપણે કદી પણ દગો નહિ આપીએ.

[૩] જાહેર મંદિરોમાં શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતથી વિપરીત, દેવદ્રવ્યથી અથવા ગૈરબ્રહ્મસંબંધી દર્શનાર્થિઓના દ્રવ્યથી ધરવામાં આવતી ભોગસામગ્રી શ્રીપુષ્ટિપ્રભુ આરોગતા જ નથી. તેથી તે પ્રસાદ છે જ નહિ. બલકે કોઈ પણ સંજોગમાં પાતિત્યકારક જ છે. તેથી હવે આપણે તે કદી પણ લઈશું નહિ.

[૪] ભંડોળ ભેગું કરવા માટે જાહેરમાં કરવામાં આવતા ભગવન્મનોરથ કે ભાગવતકથામાં દર્શન-શ્રવણ માટે હવે કદી પણ ભેગા થઈશું નહિ તેથી તેવી દુષ્પ્રવૃત્તિને પ્રોત્સાહન (આર્થિક કે સક્રિય સહયોગના રૂપે) મળી રહે.

આજ દિવસ સુધી આમ જે શ્રી મહાપ્રભુજીની આજ્ઞાનો ઉલ્લંઘન અજ્ઞાનવશ કે મોહવશ થઈ ગયો તે અમારા અપરાધને શ્રીપુષ્ટિપ્રભુ, શ્રીમહાપ્રભુજી અને શ્રીપ્રભુચરણ ક્ષમા કરે! તેઓ પોતાની પુષ્ટિસૃષ્ટિના જીવોને પુષ્ટિપંથની યાત્રામાં અગ્રસર થવા મતિ રતિ અને ક્રિયાશકિત પ્રદાન કરે! "બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ!"

"તાત તણો પ્રતિબિંબ રે રસના" ન્યાયથી ભગવન્મુખારવિંદ અવતાર મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યચરણ અને પ્રભુચરણ શ્રીવિઠ્ઠલેશ્વર સ્વરૂપ ગાદીપતિ શ્રીગોકુલેશ પ્રભુ સિદ્ધાંતરહસ્ય ગ્રંથના પોતાના વ્યાખ્યાનના પ્રારંભમાં આજ્ઞા કરે છે–

> "अथ यदैव श्रीगोकुलस्वामी स्वमनोभिलषित-प्रकारकशुद्धपुष्टिभक्तिमार्गं प्रकटयितुं मनः कृतवान्, तदैव स्वमुखारविन्दरूपाचार्याणामेव तत्प्रकटनसामर्थ्यं ज्ञात्वा भुवि प्राकट्यार्थमाज्ञां दत्तवान्, तदाचार्या अपि भगवदभिप्रायं ज्ञात्वा तद्दत्ताज्ञाप्रकारेणैव स्वप्राकटयं विधाय भगवदभिमतप्रकारकं भक्तिमार्गं प्रकटितवन्तः।

(સિદ્ધાંતરહસ્ય, નૂતન સંસ્કરણ, પાના નં. ૧)

"પછી જ્યારે શ્રીગોકુલના સ્વામીએ (શ્રીકૃષ્ણે) પોતાના મનમાં ઈચ્છેલા પ્રકારવાળા શુદ્ધપુષ્ટિ-ભકિતમાર્ગને પ્રકટ કરવાની ઈચ્છા કરી ત્યારે (તે જ સમયે) પોતાના મુખારવિંદરૂપ આચાર્યશ્રીમાં તે માર્ગ પ્રકટ કરવાનું સામર્થ્ય છે એમ જાણ્યું. અને તેથી તે જ સમયે શ્રીકૃષ્ણે આપેલી આજ્ઞાના પ્રકારથી જ પોતાનું (આચાર્યશ્રીનું) પ્રાકટ્ય કરીને ભગવાને ઈચ્છેલા પ્રકારવાળા તે માર્ગને પ્રકટ કર્યો.

તેથી, સર્વપ્રથમ શ્રીગાદીપતિ ગોકુલસ્વામીના ચરણારવિંદમાં આશ્રય લેનાર આપણે બધા; શ્રીગોકુલનાથજીના ઘરના સેવકો, પૂજ્ય આચાર્યચરણના શબ્દો પર ધ્યાન આપી સમજવાનો યત્ન કરીએ. પૂજ્ય ગાદીપતિ (શ્રીગોકુલનાથજી) બતાવે છે કે ભગવાન શ્રીકૃષ્ણે પોતાના મનમાં વિશિષ્ટ અને વિલક્ષણ માર્ગ પ્રકટ કરવાની ઈચ્છા કરી. તેથી સર્વપ્રથમ ધ્યાન **ભગવદ્ અભિલષિત માર્ગ** – એ પદ પર આપવું જોઈએ.

આચાર્યચરણશરણગત પ્રત્યેક વૈષ્ણવે અંતઃકરણમાં દૃઢતાથી સ્વીકારવું જોઈએ કે આ પુષ્ટિમાર્ગ મારા, તમારા કે ભગવાન સિવાય અન્ય કોઈપણ વ્યકિતનો ઈચ્છિત માર્ગ નથી. પરંતુ શાસ્ત્રમાં પ્રકટ કરેલ અન્ય તમામ માર્ગોથી વિલક્ષણ પ્રકારે સ્વકીય જીવોને સ્વઈચ્છાથી કાંઈક અનેરું અને ઉત્તમોત્તમ ફળ આપવાની અભિલાષાથી પરમાત્મા શ્રીકૃષ્ણે આ માર્ગ પ્રકટ કરેલો છે. તેથી બીજો પણ મુદ્દો સ્પષ્ટ થયો કે આ માર્ગ

બાબત જે કાંઈપણ નિર્ણય લેવાય તે સંપૂર્ણ રીતે ઉપરનાં વાક્યોને અનુસરીને જ થાય આ પ્રકારની ભગવદ્ અભિલાષાને સાંકાર સ્વરૂપ આપનાર સ્વામી શ્રી વલ્લભાધીશનાં વચનોથી જ નિશ્ચિત કરી શકાય. કેમ કે આ માર્ગને પ્રકટ કરવાનું સામર્થ્ય ભગવન્મુખારવિંદરૂપ ભગવાન વૈશ્વાનર સિવાય અન્ય કોઈનું નથી.

હવે બીજી એક વાત પર ધ્યાન આપીએ કે આપણે કોઈપણ વ્યાવહારિક, લૌકિક કે અલૌકિક પ્રશ્ન, મુદ્દા, ચર્ચાવિચારણા, ચિંતન અથવા નિર્ણય કરતાં પહેલાં એક સામાન્ય આધાર સ્વીકારીએ છીએ. જેમ કે કાયદાવિષયક કોઈપણ બાબતમાં આપણે આપણા દેશના સંવિધાન, સી.પી.સી. (સિવિલ પ્રોસિજર કોડ), આઈ.પી.સી. (ઈન્ડિયન પીનલ કોડ) વગેરેનો આધાર લઈને ચર્ચાવિચારણાથી નિર્ણય લઈએ છીએ. રોગના નિદાન માટે ડૉકટર પાસે જઈને આજ સુધીના વિકસિત ચિકિત્સાવિજ્ઞાન (મેડિકલ સાયન્સ)નો આધાર લઈએ છીએ. ભૌતિકપદાર્થના જ્ઞાન માટે આપણે ભૌતિકવિજ્ઞાનનો જ આધાર સ્વીકારીએ છીએ. તેમાં મને કે તમને જે પ્રકારે કાયદો રુચતો હોય, મને કે તમને જે રીતની ચિકિત્સા સુખદ લાગતી હોય, મને કે તમને ભૌતિક વસ્તુઓનો બોધ કે જ્ઞાન સ્થૂળ દૃષ્ટિએ જે રીતે રુચિકર લાગતું હોય તે રીતે નિર્ણયો લેવાતા નથી. પરંતુ કાયદાના બે નિષ્ણાતો (બે વકીલો) કાયદાકાનૂનની કલમોને આધાર બનાવીને કાયદાના ત્રીજા નિષ્ણાત (ન્યાયાધીશ) સામે વાત રજૂ કરે છે. તેવી જ રીતે ડૉકટર પણ રોગનું નિદાન મેડિકલ સાયન્સના આધારે રજૂ કરે છે અને ભૌતિક પદાર્થોનું જ્ઞાન પણ ભૌતિકવિજ્ઞાની ભૌતિકશાસ્ત્રના આધારે જ કરાવે છે. આ જ રીતે જીવનનાં તમામ ક્ષેત્રોમાં કોઈપણ ચર્ચાવિચારણા, ચિંતન કે નિર્ણય માટે તે-તે ક્ષેત્રના મૂળભૂત સિદ્ધાંતોનો આધાર લેવો પડતો હોય છે. તેથી આપણે પણ સમજવું અને સ્વીકારવું જોઈએ કે મહાપ્રભુ શ્રીવલ્લભાધીશના માર્ગમાં પણ માર્ગવિષયક કોઈપણ પ્રશ્ન, મુદ્દો, ચર્ચાવિચારણા કે નિર્ણય કેવળ મહાપ્રભુના સિદ્ધાંતથી જ થઈ શકે, મહાપ્રભુના વચનથી જ થઈ શકે, મહાપ્રભુના પ્રમાણથી જ થઈ શકે. તેનો નિર્ણય આપણા વ્યાવહારિક બુદ્ધિ, વ્યાવહારિક જ્ઞાન, વ્યાવહારિક રુચિ કે સામાજિક નિયમોથી કરી શકાય નહિ કે થઈ શકે નહિ. દાખલા તરીકે, ફરી જોઈએ કે જો તમે અનાજના વેપારી હો અને તમારી દુકાને કોઈ કપડાં, કેરોસીન કે દવા લેવા આવી ચઢે તો તમારા બન્ને

વચ્ચે ખરીદનાર અને વેચનાર તરીકેનો સંબંધ સ્થાપિત ન થાય, કારણ કે તેની ખરીદવાની જરૂરિયાતનો અને તમારી વેચવાની જરૂરિયાતનો કોઈ સામાન્ય આધાર જ નથી. જો તમે કપડાંના વેપારી હો અને કોઈ તમારે ત્યાં ઈલેક્ટ્રિકનો સામાન ખરીદવા આવે તો તમારા અને તે ભાઈ વચ્ચે ખરીદનાર અને વેચનારનો સામાન્ય આધાર ન બને.જો તમે રાજનેતા હો અને વૈરાગી સાથે ભેટો થઈ જાય તો વાત કરવાનો અવસર આવે નહિ! કેમ કે બન્નેની દિશાઓ એક નથી, આધાર એક નથી. તેથી આપણે સ્પષ્ટ સમજી શકીએ છીએ કે જગત્ગુરુ શ્રીવલ્લભાચાર્યચરણના માર્ગનો કોઈપણ મુદ્દો આપણી અહં-મમની ખેંચતાણ (TUG OF WAR)નો મુદ્દો બની શકે નહિ, કેમ કે શ્રીવલ્લભાધીશ પુષ્ટિભકિતમાર્ગ ભગવદ્ ઈચ્છા પ્રમાણે બતાવી રહ્યા છે અને આપણે તેને આપણી ઈચ્છા પ્રમાણે સમજવા માગીએ છીએ! તેથી અહીં સામાન્ય આધાર નથી જ થતો. તેથી ચતુર્થપીઠના સેવકો! આવો! આપણે માર્ગ માટે શ્રીમહાપ્રભુની વાણીની નિર્ણાયકતાનો જ સ્વીકાર કરીએ અને તેઓશ્રીના ચરણારવિંદમાં સન્નિષ્ઠાથી આગળની થોડીક વિચારણા કરીએ.

ચર્ચા વિસ્તારથી ન કરતાં, ટૂંકમાં જોઈએ કે શ્રેયના તમામ માર્ગો મુખ્યતયા કર્મ, જ્ઞાન અને ભકિત એમ ત્રણ માર્ગોમાં વિભાજિત કરવામાં આવ્યા છે. તેમાં ભગવદ્ શાસ્ત્રો (ગીતા, ભાગવત વગેરે) સ્પષ્ટતયા જણાવે છે કે સાચા અર્થમાં ભગવાન ભકિત સિવાય પ્રસન્ન થતા નથી.

प्रीयतेऽमलया भक्त्या हरिरन्यद् विडम्बनम्।

(ભાગવત - ૭/૭/૫૨)

ભગવાન હરિ ફકત નિષ્કામ, નિર્ગુણ ભકિતથી પ્રસન્ન થાય છે. અન્ય સાધનો માત્ર પીડા કે સંતાપરૂપ બની જાય છે.

वशीकुर्वन्ति मां भक्त्या सत्स्त्रियः सत्पतिं यथा।

(ભાગવત - ૯/૪/૬૬)

જેવી રીતે સન્નારી પતિવ્રતાપણાથી પોતાના સદાચારી પતિને વશ કરે છે તે પ્રકારે ભકતો ભકિતથી મને (ભગવાનને) વશ કરી લે છે.

भक्त्या हमेकया ग्राह्यः श्रद्धयाऽऽत्मा प्रियः सताम्

(ભાગવત - ૧૧/૧૪/૨૧)

હું સત્પુરુષો (દૈવી જીવો)ને અત્યંત પ્રિય આત્મા છું અને શ્રદ્ધા

સહિત કરેલી અનન્ય ભકિતથી પ્રાપ્ત થાઉં છું. મને પ્રાપ્ત કરવાનો આ એકમાત્ર ઉપાય છે.

આવા અનેક વચનોથી ભકિતમાર્ગની શ્રેષ્ઠતા સિદ્ધ થાય છે. કિંતુ, ભગવાન શ્રીગોવર્ધનધરના કૃપારૂપ બીજભાવની પ્રાપ્તિ જે જીવાત્માને થઈ હોય તે જીવાત્માને જ આ શ્રેષ્ઠ કક્ષાની ભકિત મળી શકે, અન્યને નહિ. આજના શબ્દોમાં કહીએ તો ભકિત is for anyone and not for everyone તેથી, પુષ્ટિભકિત તે વરણ પ્રાપ્ત કરેલા જીવો માટે અને વરણપ્રાપ્ત જીવો આ પુષ્ટિભકિત માટે છે. આ પુષ્ટિભકિત કેવળ નિવેદનથી જ પ્રાપ્ત થઈ શકે, અન્ય કોઈ પણ ઉપાય કે સાધનથી નહિ.

दारान् सुतान् गृहान् प्राणान् यत् परस्मै निवेदनम्

(ભાગવત - ૧૧/૩/૨૮)

સ્ત્રી, પુત્ર, ગૃહ, પોતાનું જીવન, પ્રાણ તથા જે કંઈ આપણને પ્રિય લાગતું હોય તે સર્વ ભગવાનના ચરણારવિંદમાં નિવેદન કરવું.

एवं धर्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनाम् ।
मयि सञ्जायते भक्तिः कोऽन्योऽर्थोऽस्यावशिष्यते ।।

(ભાગવત - ૧૧/૧૯/૨૪)

હે ઉદ્ધવ! આત્મનિવેદન કરનારા મનુષ્યોને ઉપર કહેલા ધર્મો વડે મારામાં ભકિત સારી રીતે થાય છે, પછી તેને બીજો ક્યો અર્થ બાકી રહે?

ભગવાનના શબ્દોમાં દેહ, ગેહ (ગૃહ, ઘર) વગેરે અહં-મમ સાથે સંબંધ ધરાવનાર તમામ વસ્તુઓમાંથી સ્વકીયપણાનો ભ્રમ દૂર કરી તે બધામાં ભગવદીયપણાની બુદ્ધિ સંપાદિત કરવાથી નિવેદન સિદ્ધ થાય છે. અને આ નિવેદનને જ આપણે બ્રહ્મસંબંધ (અથવા દાનપદ્ધતિ)ના નામે ઓળખીએ છીએ. હકીકતમાં,

क्रीडार्थमात्मन इदं त्रिजगत् कृतं ते स्वाम्यं तु तत्र कुधियोऽपर
ईश कुर्युः ।
कर्तुः प्रभोस्तव किमस्यत आवहन्ति व्यक्तह्रियस्त्वद
वरोपितकर्तृवादाः ।।

(ભાગવત - ૮/૨૨/૨૦)

આપની ક્રીડા માટે આપે ત્રણ જગત કર્યાં છે; હે ઈશ! એમાં કુબુદ્ધિવાળા પોતાનું સ્વામિત્વ કરે છે. જ્યારે આપ જ એના કર્તા, ભર્તા અને સંહર્તા છો ત્યારે આપની માયાથી મોહિત થઈને પોતાને કર્તા માનવાવાળા નિર્લજજ આપને શું સમર્પણ કરશે?

એ વિંધ્યાવલીના શબ્દોથી સ્પષ્ટતા થાય છે કે દેહ, ગેહ અને તેના તમામ પરિકરમાં ભગવદીયપણાની બુદ્ધિ ઊપજતાં, દેહ, ગેહ આદિ ભગવત્સેવામાં ઉપયોગી થાય છે. આ જ નિવેદનનું સ્વરૂપ છે, કેમ કે પરમાનંદ શ્રીકૃષ્ણની પરિચર્યા કરવી - પ્રેમ સહિત પરિચર્યા કરવી - તેનું જ નામ પ્રેમલક્ષણા (પુષ્ટિભકિત) અથવા ઉત્તમોત્તમ - ઉત્કૃષ્ટતમ ભકિત છે. બીજા શબ્દોમાં, આ ઉત્તમોત્તમ કોટિની ભકિત અથવા પરિચર્યા - ભગવત્સેવા તે એક જ સ્થિતિનાં બે નામ છે. પરંતુ આ નિવેદન અને તેથી સિદ્ધ થતી કૃષ્ણસેવારૂપ ભકિતની પ્રાપ્તિમાં જીવમાં રહેલી અહંતા - મમતારૂપ અવિદ્યા ઘોર પ્રતિબંધ કરનારી છે. બીજા શબ્દોમાં જીવ સર્વથા દોષસહિત છે અને બ્રહ્મ સર્વથા દોષરહિત. આ જ કારણોસર શ્રીવલ્લભાધીશને ચિંતા થઈ અને તેથી ભગવાને સ્વયં પ્રકટ થઈને કહ્યું કે બીજભાવવાળા જીવને બ્રહ્મસંબંધરૂપ નિવેદન કરાવવું. જેથી એના બધા જ દોષો દૂર થશે. અર્થાત્, મારા (ભગવાન) અને એના (જીવના) સંબંધ વચ્ચે પ્રતિબંધકતા નહિ રહે. પરંતુ તે નિવેદન અથવા બ્રહ્મસંબંધથી પ્રાપ્ત થતી ભકિતની એક જ અચૂક શરત છે– અસમર્પિત જીવનનો ત્યાગ અને સમર્પિત જીવનનો સંપૂર્ણતયા નિર્વાહ. તેથી સ્વયં ભગવાનના શબ્દોમાં

असमर्पित वस्तूनां तस्माद् वर्जनमाचरेत्।
निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादिति स्थितिः।।

(સિદ્ધાંત રહસ્ય કા૦ ૪, ૫)

તેથી અસમર્પિત વસ્તુઓનો ત્યાગ કરવો. ભગવાનને નિવેદન કરેલી વસ્તુઓ વડે સમર્પણ કરીને જ સર્વ કરવું એવી ભકિતમાર્ગની સ્થિતિ (મર્યાદા) છે.

ભગવાન “સ્થિતિ” કહે છે, તેનો અર્થ મર્યાદા છે. અર્થાત્ મારી ભકિત સિદ્ધ કરવાનો કાયદો છે અને તે કાયદો એ જ છે કે બ્રહ્મસંબંધ વખતે નિવેદન કરેલા તમામ દેહ-ગેહના પદાર્થોને જીવનના રોજિંદા વ્યવહારમાં પ્રભુને - પોતાના સ્વામીને- અર્પિત કરીને જ પોતાનો નિર્વાહ કરવો જોઈએ. તમે પણ જાણતા હશો કે તમારી દૂકાને રાખેલ

તમારા ગુમાસ્તાને તમારી રીતે ચાલવું પડે છે. તમને ખુદને પણ તમારા વેપારની લાઈન પ્રમાણે ચાલવું પડે છે. સરકારી નોકરી કરનાર વ્યકિતને તે-તે વિભાગના તે-તે નિયમો પ્રમાણે જ ચાલવું પડે છે. એક સૈનિકને સેનાનું શિસ્ત પાળવું જ પડે છે. એક ડૉકટર કે નર્સને હૉસ્પિટલના નિયમો નભાવવા પડે. તેથી લૌકિક બુદ્ધિથી પણ સમજી શકાય છે કે ભગવન્માર્ગમાં ભગવાને કરેલા નિયમોને સ્વીકારવા જ પડે; ન ચાલે મારું ગોઠવેલું તંત્ર કે ન ચાલે તમારું ગોઠવેલું તંત્ર. તેથી બ્રહ્મસંબંધ અને કૃષ્ણસેવા એ એક જ સિક્કાનાં બે પાસાં છે. એક પણ પાસું ઘસાયેલું હોય તો સિક્કો ખોટો ગણાય. બીજા શબ્દોમાં, બ્રહ્મસંબંધનું પાસું ઘસાયેલું હોય તો ગમે તેટલા જોરશોરથી કરેલી કૃષ્ણસેવા સફળ ન થાય અને ગમે તેટલા જોરશોરથી બ્રહ્મસંબંધ કરાય પણ કૃષ્ણસેવાનું પાસું ઘસાયેલું હોય તો તે બ્રહ્મસંબંધ એક શુષ્ક અને અર્થહીન કર્મકાંડ બની રહે છે. તમે એક વ્યકિત સાથે મિત્રતા કરો અને તે મિત્ર આવતાંજતાં મળી જાય, Hello કરે અને તમે તેના Hello ને આવકારો નહિ; તો મુરબ્બી! આ મિત્રતા કેટલા દિવસ નભે? બાપ અને બેટો હોય, પણ બેટાની એક જ ધૂન હોય કે બાપ ગમે તેટલું કહે પણ મારે તો મારી રીત પ્રમાણે જ જીવવું છે; તો તમે પિતા છો તેમ માનીને કહો કે તેનો સંબંધ કેવી રીતે નભે? અથવા પિતા કહે કે હું કહું તે જ સાચું, દીકરો સાવ બગડેલ છે; તો તમે દીકરાના હૃદયથી કહો કે પિતા સાથે સંબંધ કેવી રીતે નભે? દીકરીનો સંબંધ કરવા નીકળો; વિવાહ (સગાઈ) પણ કરી દો. અને ખબર પડે કે છોકરો અયોગ્ય છે, તમારી દીકરીને સાચવી નહિ શકે તો એક મા-બાપના હૃદયથી કહેજો કે તમે તમારી દીકરીને એવી અયોગ્ય વ્યકિત સાથે પરણાવશો ખરા? જો લોકમાં સંબંધની તાળી બે હાથથી જ વાગતી હોય તો શા માટે નથી સમજાતું કે બ્રહ્મથી સંબંધ કર્યા બાદ જો સમર્પિત જીવનપ્રણાલીનો નિર્વાહ ન થાય તો બ્રહ્મથી સંબંધ પણ કઈ રીતે નભે? ગરજ જીવને બ્રહ્મના સંબંધની છે; બ્રહ્મને જીવના સંબંધની નહિ. બ્રહ્મ તો બ્રહ્મ છે. સર્વ કાંઈ એ જ છે. સાપેક્ષ તો હું કે તમે કે જગત હોઈ શકે, બ્રહ્મ નહિ.

બ્રહ્મસંબંધ બધાને માટે કંઈ નિત્યલીલા - પ્રવેશનો પાસપોર્ટ નથી. તે તો બીજભાવ ધરાવનાર ભાવિભકત* અને ભગવાનની-

---

* બીજભાવનું પોષણ થતાં અંકુરિત થઈ દ્રઢતા પામી જ્યાર ભકિતરૂપથી વિકસિત થાય ત્યારે મનુષ્યની ભકત સંજ્ઞા થાય.

ભગવાનના મધુરતમ સંબંધની એક મધુરતમ સપ્તપદી છે. શ્રીમહાપ્રભુ તેથી ઘણા બધા જીવોને ભકિતમાર્ગમાં અનધિકારી ગણીને સ્પષ્ટ શબ્દોમાં બ્રહ્મસંબંધનો નિષેધ કરે છે. આના અનેક પ્રમાણો આપણા ૮૪-૨૫૨ ભગવદીયોના વાર્તા-સાહિત્યના અનેક પ્રસંગોમાં મળી આવે છે. દા.ત. ૮૪ વૈષ્ણવની વાર્તામાં કુંભનદાસ (વાર્તા ૮૩), રામદાસ મેવાડા પુરોહિત (વાર્તા ૪૭) વગેરે.

જગતમાં એવી કોઈ નિયતિ નથી કે દેવને ત્યાં દેવ અને અસુરને ત્યાં અસુર જ જન્મે. કોઈક સત્પુરુષને ત્યાં ધુંધુકારી જન્મી શકે છે અને કોઈક હિરણ્યકશ્યપુને ત્યાં પ્રહ્લાદ પણ જન્મી શકે છે. સ્પષ્ટ શબ્દોમાં સ્પષ્ટ રીતે જાણવું જોઈએ કે બ્રહ્મસંબંધ એ સેવામાર્ગની દીક્ષા છે, નહિ કે આપણા અહં, મમ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માત્સર્યથી સર્વથા ભરેલા જીવન પર ધાર્મિકતા અને ભગવદીયપણાની મહોર. ફરીથી વિચાર કરો કે કોઈપણ ધંધામાં વેપારીએ આપેલા શબ્દરૂપ વચનથી ફરી જતાં માર્કિટમાં ક્રેડિટ રહેતી નથી, મિત્રના hello નો જવાબ ન આપતાં મૈત્રી રહેતી નથી, પુત્રની ફરજ ન બજાવતાં પિતા-પુત્ર કે માતા-પુત્રનો સંબંધ ટકી શકતો નથી, ગૃહસ્થીજીવનને ન નભાવતાં દામ્પત્યનો સંબંધ રહેતો નથી. તો આપણે બધા ક્યા આધારે માની બેઠા છીએ કે એકલા ભગવાન જ સેવામાર્ગની સમર્પિત જીવનપ્રણાલીરૂપ hello

સિવાય આપણાથી સંબંધ નભાવવા ઉત્સુક છે? શાંતિથી વિચાર કરી તમારા અંત:કરણને પૂછો કે બ્રહ્મસંબંધ લીધા પછી જો અલૌકિક માર્ગ પર ન ચાલવું હોય તો તે સંબંધ કેવો? લોકમાં વેપાર કરવો હોય તો તે યોગ્ય જોગવાઈ વગર ન થાય, નોકરી પણ લાયકાત વગર ન મળે, બાળકને સ્કૂલ કે કૉલેજમાં એડમિશન પણ યોગ્ય ટકાવારી કે મેરિટ વગર ન મળે. તો પછી ભગવત્સંબંધને આપણે ક્યા આધારે એટલો સસ્તો ગણીએ છીઁએ કે તે સંબંધ, સંબંધ નભાવ્યા વગર જ સંબંધ થઈ જાય? તમે તો આધુનિક યુગમાં જીવો છો અને જાણો છો કે બાળક જન્મે ત્યારથી જ K.G. ની ચિંતા થાય છે અને જ્યારે એડમિશન માટે જઈએ ત્યારે એક અબોધ બાળકનો પણ test લેવાય છે અને આપણે સુબોધ મા-બાપ થઈ એક અબોધના test માં સારી રીતે ભાગ ભજવીએ છીએ. પણ સુજ્ઞ! સાચી વાત તમારી કે આજે આચાર્યસ્થાને બેઠેલા ગુરુ એટલું પણ પૂછવાનું સાહસ ન કરી શકે કે આવનાર વ્યકિત

બ્રહ્મસંબંધ માટે યોગ્ય છે કે નહિ!!! કેમ કે બ્રહ્મસબંધ લેવો એ તો આપણો જન્મસિદ્ધ અધિકાર જ છે એમ માનતા થઈ ગયા છીએ અને ગુરુ એ જન્મથી બ્રહ્મસંબંધ આપવા માટેનો જાણે ચાકર!!! બન્ને વસ્તુઓ જન્મથી જ પ્રાપ્ત થઈ છે– સમાજને તે અધિકારિતા અને આચાર્યસ્થાનને તે ચાકરી!!! ન્યાય તો આપના પર જ છોડી દઈએ છીએ (?). વિચારજો કે એક સાધારણ ઑફિસનો સાધારણ પટાવાળો, અસાધારણ કાર્ય માટે તમે ગયા હો તો પણ તે તમને અટકાવી શકે. પરંતુ એક અસાધારણ કાર્ય કરવા, અસાધારણ સ્થાને બેઠેલી વ્યકિત-આચાર્ય-સાધારણજનને સાધારણ રીતે પણ પૂછી ન શકે કે બ્રહ્મસંબંધ શા માટે? ખરેખર, આવો દિવ્ય સિદ્ધાંત! તે આવાં ચશ્માંથી જોતાં આ રીતે સમજાય, કારણ કે શાસ્ત્રની દૃષ્ટિએ જોવા જઈએ તો બધું અંધારપટ જ છે.

મોટે ભાગે એક જ વાત મને કહેવામાં આવે છે કે આપણા પૂર્વ-આચાર્યો અમારા વડીલોથી કદીએ બ્રહ્મસંબંધની બાબતમાં શંકા-સમાધાન કરતા નહિ અને અવસર પ્રાપ્ત થતાં બ્રહ્મસંબંધ કરાવતા. સુજ્ઞ મિત્રજનો! વાત તમારી ખરેખર સાચી હોઈ શકે પણ સાથે મારું સૂચન છે કે આ મુદ્દા પર પણ દૃષ્ટિ નાખશો અને અવસર મળે તો ઉત્તર પણ આપજો. શ્રી મહાપ્રભુ નિબંધમાં ભકિતમાર્ગના અધિકારવિષયક નિરૂપણ કરે છે.

सर्वथा चेद्धरिकृपा न भविष्यति यस्य हि।
तस्य सर्वमशक्यं स्यान्मार्गेऽस्मिन् सुतरामपि।
कृपायुक्तस्य तु यथा सिद्धयेत् कारणमुच्यते।।

(સર્વ નિર્ણય નિબંધ - કા૦ ૨૨૬)

અર્થ:– જેના પર સર્વથા હરિની કૃપા થાય નહિ તેને ખરેખર આ માર્ગમાં વિશેષ કરીને સર્વ જ અશક્ય થાય છે. પરંતુ જે જીવ પર ભગવત્કૃપા થઈ છે તેવા કૃપાયુકત જીવનું જે પ્રકારે સર્વ સિદ્ધ થાય તેનું કારણ કહીએ છીએ.

આ કારિકાના પ્રકાશમાં આપ આજ્ઞા કરે છે:

परमत्र न सर्वेषां फलमुखाधिकारः, किन्तु येषु
भगवत्कृपा, कृपापरिज्ञानं च मार्गरुच्या निश्चीयते।

પરંતુ અહીં (ભકિતમાર્ગમાં) જીવમાત્રનો (સર્વનો) ફલમુખ અધિકાર નથી. પરંતુ જે જીવો પર ભગવત્કૃપા થાય છે તેઓને જ અધિકાર છે અને ભગવત્કૃપાનું પરિજ્ઞાન તો માર્ગરુચિ પરથી જ નિશ્ચિત કરી શકાય છે. માર્ગરુચિનો અર્થ શ્રીપુરુષોત્તમચરણ “સિદ્ધાંતરહસ્ય” ગ્રંથના સ્વકૃત વ્યાખ્યાનમાં

“तादृशत्वं चोत्कटभजनादरजनिकया गुरुशुश्रूषया
तदनुकूलप्रश्नमार्गरुचि वेशभाषाचारैश्चावधारणीयम्”

“બ્રહ્મસંબંધની સ્વરૂપયોગ્યતા તો ત્યારે જ જાણી શકાય કે જ્યારે
(૧) પરમાત્મા શ્રીકૃષ્ણની સેવારૂપ ભકિત કરવાની અતિ તીવ્ર ઇચ્છા થાય,
(૨) તે સેવાનું સાચું સ્વરૂપ જાણવા માટે મહાપુરુષ - ગુરુની પાસે રહી તેઓની સેવા-પરિચર્યા કરતાં યથાવસર ભગવન્માર્ગના બોધ માટે સાચી જિજ્ઞાસા થાય.
(૩) માર્ગના સિદ્ધાંતોમાં રુચિ, વેશભૂષા, ભાષા આચાર કે આચરણમય જીવન જીવવાનો નિશ્ચય થાય.”– એમ કરે છે.

આ પ્રકારે શ્રીમહાપ્રભુના માર્ગનો સિદ્ધાંત જાણ્યા પછી ફરીથી પ્રશ્ન પર ધ્યાન આપીએ કે આજથી ૬૦ - ૭૦ વર્ષ પહેલાં આપણા તે વડીલોનાં જીવન, જીવન - નિર્વાહ માટેની વૃત્તિ, એમની નિષ્ઠા, એમની વેશભૂષા, એમનું આચરણ કે વ્યવહાર - શું આપણા અત્યારના આચારથી ભિન્ન ન હતું? તે વખતે શું આપણાં ગામોમાં હોટેલ - રેસ્ટોરાં કે ચા - બિસ્કિટની દુકાનો હતી? આજના જેટલી યાત્રા કે યાતાયાત હતી? જીવનમાં ભક્ષ્ય - અભક્ષ્યનો વિવેક ન હતો? શું તેઓનું જીવન આજની રીત પ્રમાણે નીતિ-અનીતિના વિવેક વગરનું, આધુનિકતાના નામે પશ્ચિમીકરણ, શાસ્ત્રની દરેક વાતની નિંદા અને કેવળ આઠે પહોર લૌકિક અહંતા-મમતાથી જ ભરેલું હતું? ધૈર્યથી વિચારશો! આપને સમજાશે કે ના! આવું બધું ન હતું. વેશભૂષા, ભાષા, આચાર, વ્યવહાર અને જીવન એ દરેક વસ્તુ ભારતીય શાસ્ત્ર અને સંસ્કૃતિ સાથે વણાયેલી હતી. ઉચ્છૃંખલતાનું - સ્વચ્છંદતાનું જીવનમાં સ્થાન ન હતું. હોટેલ તો શું, પણ ઘરમાં ચાનો સ્વાદ લેનારા કેટલા હતા? આજે પણ મોટી ઉંમરની એવી વ્યકિતઓનાં દર્શન થાય છે કે જેઓએ ચા, બિસ્કિટ કે બાહ્ય

પદાર્થોનો સ્વાદ તો ઠીક પણ સ્પર્શે ય નથી કર્યો. તે યુગમાં બ્રહ્મસંબંધ લેનારમાંથી કોઈક અપવાદ સિવાય મોટેભાગે બધાએ કૃષ્ણસેવા પધરાવી જ હતી અને તેમના જીવનમાં સમર્પિત જીવનપ્રણાલી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. કદાચ બાકી રહેલા અપવાદરૂપે, કેટલીક વ્યકિતઓએ પોતાને ત્યાં સ્વતંત્રતાથી સ્વરૂપસેવા ન પણ કરી હોય, છતાંય પોતાના આત્મજનોની સેવામાં તેઓ સહયોગી તો હતા જ. તેથી આપણાં ગામડાંઓમાં ભકિતમાર્ગનું એક શિસ્ત હતું, સફળ અને સુદ્દઢ, વિકસિત પરંપરા હતી અને તે ભકિતમાર્ગની પરંપરા કેવળ વ્યકિત સાથે સંબંધ ધરાવતી ન હતી, પણ આપણા સમાજની સામૂહિક જીવનપ્રણાલી અને સંસ્કૃતિ બની ગઈ. ગામોમાં, દૈનિક જીવનમાં સવારથી સાંજ સુધી તેઓ ભકિતમાં રંગાયેલા હતા. જીવનયાપન માટે અનિવાર્ય ધંધા-રોજગાર તો કરવામાં આવતા પણ તેમાં લૌકિક આસકિત ન રાખીને. જે સવાર દરેક કંઠીબંધ વૈષ્ણવના ઘરમાં ભગવત્સેવાના દિવ્ય સૂર્યોદયથી થતી, તે ભકિતમય દિવસનો સૂર્ય સત્સંગરૂપી શીતળ સંધ્યામાં ઢળતો. એ રીતે સેવા અને સત્સંગ, સત્સંગ અને સેવા, સેવા અને સત્સંગ જ એમના જીવનમાં વણાયેલાં હતાં. પ્રધાનતા હતી ભગવત્પ્રાપ્તિની અને ગૌણતા હતી ઉદર-પોષણની.

જેમ કે ભાગવતના ચતુર્થ સ્કંધમાં કહ્યું છે કે

गृहेष्वाविशतां चापि पुंसां कुशलकर्मणाम्।
मद्वार्तायातयामानां न बन्धाय गृहा मताः।।

(૪-૩૦-૧૩)

–જે લોકોનાં કર્મ ભગવદ્ - અર્પણબુદ્ધિથી થાય છે અને જેઓનો બધો સમય ભગવાનની કથાવાર્તાઓમાં જ વીતે છે, તેઓ ગૃહસ્થાશ્રમમાં રહે તો પણ ઘર એમનાં બંધનનું કારણ નથી થતાં.

અને આજે... જીવનની દરેક દિશામાં પ્રધાનતા છે દેહ-ગેહના નિર્વાહની, મોજશોખની; ગૌણતા છે ધર્મની, ભકિતની અને ભગવાનની. કદાચ આજની દષ્ટિએ આ વસ્તુ સાચી પણ હોય! કેમ કે જીવનમાં વ્યાવહારિકતાનો નિયંતા ઈશ્વર નહિ પણ ધન છેને! તેથી યોગ્ય જ કહેવાયને કે આપણે ધનપ્રેરિત સામાજિક મૂલ્યોથી જે કાંઈ પણ ચર્ચા - વિચારણા કે નિર્ણય કરી રહ્યાં છીએ તે આચાર્યમુખથી પ્રકટ થયેલ સિદ્ધાંત

સાથે બંધ બેસે નહિ. ખરેખર તો લૌકિક વચન, વાયદા, રીતરિવાજ ચૂકી જઈએ તો સમાજમાં આપણે આપાણું સ્થાન ગુમાવી બેસીએ છીએ. તો વિચાર કરી જુઓ કે પરમાત્મા શ્રીકૃષ્ણની સન્મુખ, શ્રીમહાપ્રભુની સાક્ષીમાં, ભગવદ્‌માર્ગીય પવિત્રતમ ભગવતપ્રિયા તુલસીને હાથમાં લઈ જે વચન પરમાત્માને આપીએ છીએ કે આજ સુધી જે કંઈ જન્મમરણ થયાં તે તો ઘોર અજ્ઞાનમાં જ ગયાં છે. આજે સમજાય છે કે હું તારો અંશ છું, તું અંશી છે, તું સ્વામી છે, હું તો તારા સેવકપણા સહિત જન્મ્યો છું. તેથી દેહ, ઈંદ્રિય, પ્રાણ, અંત:કરણ- તમામ સમૂહથી હું તારા માટે જીવીશ, એટલું જ નહિ પણ તે દેહ, પ્રાણ, ઈંદ્રિય, અંત:કરણની વૃત્તિઓનો ઉપયોગ પણ તારા માટે જ કરીશ-

તો આપ વિચારો તો ખરા કે આપણે તો બ્રહ્મસંબંધ લીધા છે અને ખુદ આપણે જ અસમર્પિત જીવનને છોડી શક્યા નથી. તો પછી બાળકો માટે આપણે બ્રહ્મસંબંધનો દુરાગ્રહ કેમ રાખીએ કે જેઓની વેશભૂષા, ભાષા, વ્યવહાર, આગ્ચાર્વિચાર વગેરે પર આપાણું નિયંત્રણ નથી. તેઓ પરમાત્માની સન્મુખ આવો ખોટો સંકલ્પ કરી ભગવન્માર્ગે એક પગલું પણ આગળ ન વધે તો શું આ સંકલ્પ પાપરૂપ, અસત્ય, પાખંડ, કપટ, દ્રોહ કે વિશ્વાસઘાત ન કહેવાય ?! હજી અસમર્પિત જીવન જીવતા આપણા માટે અને અસમર્પિત જીવન જીવવાવાળી નવી પેઢી માટે પણ ? સવારથી સાંજ સુધીના જીવનમાં શાકભાજી, અનાજ, પાણી, વસ્ત્ર વગેરેથી લઈને બધો વ્યવહાર વિચાર કર્યા વગર, ડગલે ને પગલે આપણને હાનિ ન થાય એની સાવધાની વગર નથી કરતા ? તો શું આ અલૌકિક દીક્ષા એવી છે કે જેનો જરા પણ વિચાર ન થાય ? શ્રીમહાપ્રભુને એક સેવકે પૂછ્યું, એક અજગરને કીડીઓ કોરી ખાતી હતી તે જોઈને, "રાજ! યે સબ કહા હે ?" ત્યારે શ્રીમહાપ્રભુએ કહ્યું, "યહ અજગર પિછલે જન્મમેં મહન્ત હતો. ઔર યાનેં સેવક બહુત કિયે હૈ સો ઉદરાર્થ જો મેરી જીવિકા ચલે ઔર ઉનકે કૃતાર્થ કરિવે કી તો સામર્થ્ય ન ભઈ. કાહેતેં જો ભગવત્સેવા, ભગવન્નામ પરાયણ હોઈ તો જીવ કૃતાર્થ હોઈ. સો યહ તો ઉદર ભરિવે કે લિયેં મહન્ત ભયો સો મરે પાછેં અજગર ભયો ઔર વે સબ (શિષ્ય) ચેંટા (કીડી) થયા છે. સો યાંકો ખાત હૈ ઔર કહત હૈં જો અરે પાપી! તોમેં ઉદ્ધાર કરીવે કી સામર્થ્ય નાહી હતી તો હમકોં સેવક કાહકોં કીયો ? હમારો જનમારો વૃથા કાહેકોં ખોયો ?"

કદાચ આપને આપના સામર્થ્યથી કીડી થવાનો ભય ન હોય! પણ મને શા માટે ગળું દબાવી અજગર બનાવવા માગો છો?

મહાપ્રભુના આ દિવ્ય માર્ગમાં, આ બ્રહ્મસંબંધરૂપ નિવેદનનો જે પ્રકાર બતાવવામાં આવ્યો છે તેનાં સ્વરૂપ અને વ્યવસ્થાનો નિર્ણય મારા કે તમારા તરંગોથી ન થાય. તેથી આપણા ઘરના સેવકોને અત્યંત સૌહાર્દભર્યા અંત:કરણથી એ સૂચવીશ કે કોઈપણ અર્થમાં આ પ્રકારની સ્વેચ્છાચારિતા આપના હૃદયમાં હોય તો સન્માર્ગની નિષ્ઠાથી તેના પૂર્વગ્રહ કે દુરાગ્રહને છોડી મહાપ્રભુ શ્રીવલ્લભાધીશના સિદ્ધાંત-વચનોથી આપણે આ માર્ગને શોધીએ.

શ્રીમહાપ્રભુ પોતાના પુષ્ટિમાર્ગમાં બે દિશા અત્યંત સ્પષ્ટ રીતે બતાવે છે:

(૧) ભકિતમાર્ગ અર્થાત્ સેવામાર્ગ -અને

(૨) પ્રપત્તિમાર્ગ અર્થાત્ શરણમાર્ગ

તેથી આપણે સર્વોત્તમ સ્તોત્રમાં 'भक्त्याचारोपदेष्टा' અને 'पृथक्शरणमार्गोपदेष्टा' એ બન્ને નામોથી શ્રીમહાપ્રભુની સ્તુતિ કરીએ છીએ. તેથી જ આ માર્ગમાં પણ બે પ્રકારની દીક્ષા આપવામાં આવે છે:

(૧) ભકિતમાર્ગની દીક્ષા - બ્રહ્મસંબંધની અને

(૨) શરણમાર્ગની દીક્ષા - અષ્ટાક્ષર મંત્રની - નામદીક્ષા.

સ્વભાવ અધિકાર ભેદથી શ્રીમહાપ્રભુ બન્ને પ્રકારના જીવોને શ્રેયપ્રાપ્તિ અને ભગવદ્ પ્રાપ્તિ નિશ્ચિતપણે બતાવે છે.

જે વ્યકિત સેવામાર્ગથી પોતાનો નિર્વાહ ન કરી શકે તેણે બ્રહ્મસંબંધ દીક્ષા ન લેવી જોઈએ અને તે પરિસ્થિતિમાં શરણમાર્ગ થકી સન્માર્ગે ચાલવું જોઈએ. કેવળ તે જીવો કે જેઓ અસમર્પિતનો ત્યાગ કરી, સમર્પિત જીવનપ્રણાલીનો સ્વીકાર કરી, પોતાના માથે બિરાજતા શ્રીઠાકોરજીની, પોતાના દેહ અને પોતાના ધન કે દ્રવ્યના સર્વ સમર્પણ સાથે કેવળ ગૃહસેવાનો નિર્વાહ કરતા હોય તેઓને માટે અને ફકત તેઓને માટે જ બ્રહ્મસંબંધ સંસ્કાર અનિવાર્ય અને અપેક્ષિત છે, નહિ કે સર્વને માટે. સ્મરણ રાખો કે કોઈ દવા વિશેષ પ્રકારના રોગમાં જીવનદાન કરતી હોય તે જ દવાનો પ્રયોગ અવિચારી અને અસ્થાને (અન્ય રોગમાં) થતાં ભયંકર હાનિ પણ પહોંચાડી શકે છે. તેવી જ રીતે કૃષ્ણ સાથે મનથી, વાણીથી કે કાયાથી જો ન રહી શકતા હોઈએ અને કૃષ્ણને વચન ન

આપીએ તો કોઈ ગુનો નથી. પણ કૃષ્ણને માટે મન, વાણી કે દેહ સાથે જીવન જીવવાનો સંકલ્પ કરી, પ્રભુ સાથે તે ન નિભાવી આપણે અસદ્ વ્યવહારરૂપ પાપ કરી રહ્યા છીએ, જે આપણને આપણા શ્રેયના માર્ગમાં, કલ્યાણના માર્ગમાં વજલેપ- પ્રતિબંધ બની શકે છે. તેથી યોગ્ય તો એ જ છે કે આપણી રુચિ અને સામર્થ્યનો વિચાર, વિવેક સહિત કરી અને સેવામાર્ગના જીવનનો નિર્વાહ ન થઈ શકે તો આપણે કેવળ નામમંત્રની દીક્ષા લઈ, આપણી વૈષ્ણવતા સિદ્ધ કરી, સદ્‌વૃત્તિથી દૃઢતા સહિત શરણમાર્ગ પર ચાલીએ.

આદ્ય પીઠાધિપતિ ભગવત્સ્વરૂપ ગાદીપતિ સ્વામીશ્રી ગોકુલપતિના ચરણારવિંદમાં બેસી, આ પીઠ-ગાદીના આચાર્ય તરીકે મારા શિરે ઉત્તરદાયિત્વ ધરવામાં આવ્યું છે. તેથી હું પણ કેવળ મહાપ્રભુ શ્રી વલ્લભાધીશના, પ્રભુચરણ શ્રીવિઠ્ઠલેશ અને ગાદીપતિ શ્રીગોકુલેશના સિદ્ધાંત અનુસાર જ મનસા, વચસા, કાયેન કાર્યરત થવા પ્રતિબદ્ધ છું. તેથી વિપરીત વ્યાવહારિક દૃષ્ટિ, ધન દૃષ્ટિ, લોક દૃષ્ટિ કે અન્ય અનિષ્ટ મૂલ્યોના આધારે કોઈપણ રીતે, કોઈપણ સમયે, કોઈપણ સ્થિતિમાં આ પીઠ, આ પીઠનું સ્વરૂપ, આ પીઠની વ્યવસ્થા નિયંત્રિત નથી અને કેવળ શ્રી વલ્લભાધીશના સિદ્ધાંતોથી જ નિયંત્રિત છે. તેની ગાદીપતિના ચરણશરણમાં આવેલા આપ સર્વે વૈષ્ણવજન નોંધ લેશો.

रसो वै सः। रसँ् ह्येवायं लब्ध्वाऽऽनन्दी भवति। को ह्येवान्यात्कः प्राण्यात्। यदेष आकाश आनन्दो न स्यात्। एष ह्येवानन्दयाति।

(તૈત્તિરીયોપનિષત્ ૨ - ૭)

– તે આ પરમાત્મા નિશ્ચિત રસરૂપ છે. તેથી આ જીવાત્મા આ રસરૂપ પરમાત્માને પ્રાપ્ત કરીને જ આનંદને પ્રાપ્ત કરે છે. જો આ પરમાત્મા ન હોત તો કોણ જીવિત રહી શકે; કોણ પ્રાણ ધારણ કરી શકે? (તેથી) નિ:સન્દેહ આ પરમાત્મા જ બધાને આનંદ પ્રદાન કરે છે...

જીવ માત્ર આનંદ અથવા સુખની ઝંખના કરે છે, કેમ કે આ અનંતકોટિ બ્રહ્માંડાત્મક જગત જે સચ્ચિદાનંદમાંથી આવિર્ભૂત થાય છે તે સચ્ચિદાનંદનાં બે પાસાં - સત્ અને ચિત્ - અર્થાત્ સત્તા અને ચેતના જીવ પાસે છે. પરંતુ, તે ભગવદ્-અંશ હોવા છતાં ભગવાનની અનંતવિધ

ક્રીડાની ઈચ્છાને કારણે તેનો આનંદ અંશ તિરોહિત થાય છે. તે છુપાઈ ગયેલા સુખ-આનંદના કારણે તે સુદૂરતમ અવધિથી તેની પાછળ દોડી રહ્યા છે કે જે સુખનું સાચું નામ અને સાચું રૂપ આનંદ, પરમાત્મા, ભગવાન કે કૃષ્ણ જ છે. ખૂબ વ્યાપક દૃષ્ટિએ વિચાર કરીને તમામ જગતનું વિશ્લેષણ આપણે કરીએ તો તે વિશ્લેષણના પરિણામસ્વરૂપે આપણને જણાશે કે એકકોશીય જંતુ (અમીબા)થી લઈ, પૂર્ણવિકસિત પ્રાણી (મનુષ્ય) પર્યંત દરેક પ્રાણીને કંઈક શોધ છે, કંઈક ઝંખના છે અને તે ઝંખના છે સ્વયંમાં રહેલી તે અપૂર્ણતાની કે જે અપૂર્ણતાને અનુભવીને તે વિકલતાથી પૂર્ણતા પામવા દોડી રહ્યા છે. બીજા શબ્દોમાં, વિકાસની ઝંખના, અસ્તિત્વને સફળ કરવાની ઝંખના, ગમે તે પદાર્થ મેળવવાની ઝંખના અથવા આ જગતમાં કાંઈ પણ પ્રાપ્ત કરવાની ઝંખનાની મૂળ ઝંખના તે સુખની ખોજ જ છે. સાચા અર્થમાં તે બધી આ સુખની ખોજ છે..., આનંદની ખોજ છે..., પરમાત્માની ખોજ છે... કે જેના વગર આપાણું સંપૂર્ણ અસ્તિત્વ અને સત્તા બેચેન છે, ખોખલી છે અને અપૂર્ણ છે. પ્રાણીમાત્ર પોતપોતાની બુદ્ધિ, વિવેક, સામર્થ્ય અનુસાર આ આનંદને જુદી-જુદી રીતે જુએ છે. કોઈકને આ સુખ ભૌતિક પદાર્થોમાં, કોઈને ધનમાં, કોઈને વિલાસમાં, કોઈને મદ્યપાનમાં, કોઈને કામિનીમાં, કોઈને પ્રભુત્વમાં, કોઈને અધિકારમાં, કોઈને રાજ્યમાં –એવા અનેકવિધ સ્વભાવ - અધિકારભેદથી આ સુખની ખોજ છે, આ આનંદની ખોજ છે. ભારતીય મનીષાએ બસ આજ મુકામે ઊંડો વિચાર શરૂ કર્યો અને તેના પરિણામરૂપે આ આપણી તમામ બેચેની, કામનાનાં બે વિભાજન કર્યાં - નિત્ય અને અનિત્ય. મનુષ્યની કંઈક કામનાઓ નિત્ય છે અને કંઈક અનિત્ય- ફળસ્વરૂપે ભારતીય મનીષીઓએ ઉદ્‌ઘોષ કર્યો કે સુખ પામવાની અનિત્ય ઝંખનાઓ મનુષ્યને વિનાશ તરફ લઈ જાય છે પણ સુખ પામવાની નિત્ય ઝંખનાઓ તેને વિકાસ તરફ લઈ જાય છે. તેથી મનુષ્યની નિત્ય ઝંખનાઓનું બીજું નામ ઋષિ, મહર્ષિઓએ પુરુષાર્થ આપ્યું અને તે પુરુષાર્થની ચર્ચાવિચારણાનાં પરિણામસ્વરૂપે આપણને જે નવનીત મળ્યું તે શાસ્ત્ર. આ શાસ્ત્ર આપણને શુભ શીખવાડે છે અને અશુભથી અટકાવે છે. સ્વકીય ક્રીડા માટે પ્રકટ કરેલા આ જગતમાં એક બ્રહ્મ અનંત નામ-રૂપથી, અનંત સ્વભાવથી અગણિત ક્રીડાઓ કરી રહ્યા છે. તેથી જ ક્રીડાના આ રંગથી રંગાયેલ કોઈ

દ્રષ્ટા સહસા કહી ઊઠે છે કે, ''બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે''. તેથી બ્રહ્મની આ અનેકવિધતામાં અનેક રૂપો માટે શ્રેય, સુખ, શુભ, આનંદ કે પરમાત્મા એક હોવા છતાં પણ અનેક રૂપથી પ્રાપ્ત થાય તેમાં શું આશ્ચર્ય! એક પર્વત પર અનેક શિખરો હોય અને તે અનેક શિખરો પર અનેક પર્વતારોહી જુદા - જુદા માર્ગે પર્વતારોહણ કરે અને ટોચ પર પહોંચવાનો સાહસભર્યો આનંદ માણે. દરેકને સાહસ અને આનંદની અનુભૂતિ જુદી - જુદી અને વ્યકિતગત હોય છે. ભલેને પર્વત એક હોય તેથી શું? છતાંય, જેમ પર્વતારોહી પર્વતારોહણ કરતાં પહેલાં Base camp પરથી ટોચ પર પહોંચવાના સુખદ અને સુગમ માર્ગની માહિતી મેળવે, રસ્તામાં આવતાં વિકટ સ્થાનોની માહિતી મેળવે, આ બધા માટે સાધનો મેળવે, પહાડમાં રહેનાર કોઈ માર્ગદર્શકનેપણ સાથે લે, નકશાઓ મેળવે, યાત્રામાં જરૂરી ખાનપાનનો પ્રબંધ કરે. તેવી રીતે જ્યારે મનુષ્યની સુખ પામવાની - આનંદ પામવાની - પરમાત્માને પામવાની કામનાનો વિચાર થાય ત્યારે વ્યકિત અને સ્વભાવભેદથી આવી કામનાઓની ચર્ચાવિચારણા કરતા કોઈ અખંડ મનીષાનો સ્વામી પરમાત્માપ્રાપ્તિનો સુગમ અને સુખદ રસ્તો બતાવી આપે છે.

भगवान् ब्रह्म कात्स्न्र्येन त्रिरन्वीक्ष्य मनीषया।
तदध्यवस्यत् कूटस्थो रतिरात्मन् यतो भवेत्।।

(ભાગવત - ૨/૨/૩૪)

અર્થ:- ભગવાન બ્રહ્માએ એકાગ્ર ચિત્તથી સંપૂર્ણ વેદરાશિનું ત્રણ વાર અનુશીલન કરીને પોતાની બુદ્ધિથી એ જ નિશ્ચય કર્યો કે જેથી સર્વાત્મા ભગવાન શ્રીકૃષ્ણના પ્રતિ અનન્ય પ્રેમ પ્રાપ્ત થાય, આ જ સર્વશ્રેષ્ઠ ધર્મ છે.

આ પ્રકારે વેદશાસ્ત્ર પ્રાણીમાત્રના સુખની ઝંખના, તે સુખનું સાચું સ્વરૂપ, તે સુખ પ્રાપ્ત કરવાનું સાધન અને તે સુખની અનુભૂતિના વર્ણનની જ અલૌકિક શબ્દરાશિ છે. પરમાત્માને જ્યારે આ વેદશાસ્ત્રના સાચા અર્થનો ઉદ્ઘોષ, એક વિશેષ પ્રકારના સ્વભાવ - અધિકાર ધરાવનાર જનસમૂહ માટે, એક વિશેષ પ્રકારથી કરવાની ઈચ્છા થાય ત્યારે આવી કંઈક વિલક્ષણ પરિસ્થિતિમાં પરમાત્મા પોતે પ્રકટ થાય છે. આવા કોઈક વિલક્ષણ અવસરે તે પરમાત્મા મહાપ્રભુ વલ્લભ બની સ્વકીય દૈવી

સૃષ્ટિને સંબોધતા ઉદ્‌ઘોષ કરે છે:

> **एकं शास्त्रं देवकीपुत्रगीतमेको देवो देवकीपुत्र एव।**
> **मन्त्रोऽप्येकस्तस्य नामानि यानि कर्माप्येकं तस्य देवस्य**
> **सेवा।।**

(શાસ્ત્રાર્થ પ્રકરણ નિબંધ કા૦૪)

શ્રીકૃષ્ણના મુખારવિંદનાં.વચન તે શાસ્ત્ર છે. કૃષ્ણ દેવાધિદેવ છે. એ કૃષ્ણનાં જેટલાં નામ તે નામ સાચા મંત્ર છે અને જે કંઈ કૃષ્ણની પરિચર્યા તે જ માનવીનું સાચું કર્મ છે.

આ પ્રમાણે પરમ તત્ત્વ, દેવાધિદેવ શ્રીકૃષ્ણ એકમાત્ર આરાધ્યદેવ બતાવ્યા. તેથી एकः એમ કહ્યું, તેમનાં નામ એકમાત્ર મંત્ર બતાવ્યાં. અને તેમની વાણી કર્તવ્ય-અકર્તવ્યનો વિચાર કરનાર એકમાત્ર ઉપાય બતાવ્યો.

ચતુર્થપીઠ ગાદીપતિ શ્રીગોકુલનાથને અનુસરતા દૈવી જીવો! આવો! અહીંથી હવે આપણા વિચારના બીજા પાસાની યાત્રા શરૂ કરીએ.

આપણે જોયું કે અનંત જીવોને સુખપ્રાપ્તિની ઝંખના છે અને તે અનેક જીવોને અનેકવિધ પ્રકારથી પરમાત્મા ફળ આપે છે. પણ, આપણે એ દૈવી જીવોની વાત કરીએ છીએ જે ભકતવર્ય ગોપાલદાસ બતાવે છે: “દૈવી, આસુરી બે પ્રકટાવી, પ્રભુ મન કરી વિચાર.” જીવમાં આ દૈવીપણું (સદ્ વાસના) તે ભગવાનની તેને ઉત્તમ ફલ આપવાની ઈચ્છાથી સિદ્ધ થાય છે. તે બીજભાવરૂપથી દૈવી સૃષ્ટિના જીવાત્મા સાથે મોજૂદ છે. તે પ્રકારે આપણા માટે મહાપ્રભુ વલ્લભાધીશ કહે છે કે આ દૈવી જીવોને જે સુખની-આનંદની ઝંખના છે તેથી અનુભવાતી વિકલતા અને અપૂર્ણતા તો કેવળ કૃષ્ણને મળીને જ દૂર થશે, અન્યથા નહિ. તેથી મહાપ્રભુ આપણને કહે છે કે તમારું પ્રમાણ પણ કૃષ્ણ, પ્રમેય પણ કૃષ્ણ, સાધન પણ કૃષ્ણ અને ફળ પણ કૃષ્ણ. અલબત્ત આનો અર્થ શ્રી મહાપ્રભુ એવો નથી કરતા કે આ દૈવી જીવોનું પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ કૃષ્ણ હોવા છતાં આમાં વિવિધતા નથી. જો વિવિધતા ન હોય તોશાની ક્રીડા અને શાની લીલા? વ્યકિતભેદથી, સ્વભાવભેદથી, અનુભૂતિભેદથી આ વિવિધતા છે. કોઈપણ દેશકાળમાં, બે વ્યકિત કદીય તદ્દન એક પ્રકારની અનુભૂતિ નથી કરતી કે કરી શકતી, કેમ કે બ્રહ્મનું પોતાના અનેક અંશો સાથે અનેકવિધ રમણ છે. તેથી મહાપ્રભુ કહે છે:

नमो भगवते तस्मै कृष्णायाद्भुतकर्मणे।
रूपनामविभेदेन जगत् क्रीडति यो यतः।।

(શાસ્ત્રાર્થપ્રકરણનિબંધ - કા. ૧)

અર્થ:- જે ભગવાન રૂપ અને નામના વિભેદ વડે જગત્-રૂપ છે, ક્રીડા કરે છે, જેમાંથી જગત ઉત્પન્ન થયું છે, જે અદ્દ્ભુત કર્મ કરવાવાળા છે તે ભગવાન શ્રીકૃષ્ણને હું નમસ્કાર કરું છું.

પુષ્ટિસૃષ્ટિનું પરમ ફળ નિત્યલીલાપ્રવેશરૂપ એક જ હોવા છતાં, આ નિત્યલીલાપ્રવેશ પણ સ્વકીય સ્વભાવ અને અધિકારના ભેદથી અનેકવિધ હોય છે, કેમ કે અનેકવિધતા, અનેકરૂપપણું બસ આ જ ક્રીડાનું સ્વરૂપ છે.

સ્વામી શ્રીવલ્લભાધીશ સર્વનિર્ણય પ્રકરણ, તત્વાર્થદીપ નિબંધની કારિકા ૨૧૧થી ૨૫૬માં ભગવત્પ્રાપ્તિનો ઉત્તમ માર્ગ અર્થાત્ ભકિતમાર્ગની નિર્દેશ કરતાં અધિકારીભેદથી મુખ્ય વ્યવસ્થા (પ્રધાન કલ્પ) અને ગૌણ વ્યવસ્થા (અનુકલ્પ) બતાવે છે. તે દર્શાવતાં પોતાના પુષ્ટિમાર્ગીય જીવોને પ્રધાનતયા સેવામાર્ગ (ભકિતમાર્ગ) અને શરણમાર્ગ (પ્રપત્તિમાર્ગ)નો ઉપદેશ આપે છે. ત્યાં ભકિતમાર્ગીય જીવ તે વરણપ્રાપ્ત અર્થાત્ પુષ્ટિમાર્ગીય ઉત્તમોત્તમ ફળ આપવાની ઈચ્છાથી ભગવત્કૃપારૂપ બીજભાવને સ્વકીય જીવાત્મા સાથે ધારણ કરનાર છે. અને તે કૃપારૂપ બીજભાવના પરિણામ સ્વરૂપે મહાપુરુષના સંગથી અને તેઓની સેવાથી ઉત્પન્ન થયેલી રુચિવાળો પુષ્ટિભકિતનો અધિકારી છે, કેમ કે પુષ્ટિમાર્ગીય જીવનના અંત:કરણમાં બીજભાવરૂપે રહેલી આ ભકિત મહાપુરુષ, આચાર્ય- ગુરુની પાસે રહી, પરિચર્યા સિવાય વૃદ્ધિને પામતી નથી. તેથી મહાપ્રભુ તત્વાર્થદીપનિબંધ પ્રકાશમાં આજ્ઞા કરે છે કે પરમાત્માને પ્રાપ્ત કરવાનું સાધન પ્રેમ છે અને તે પ્રેમને વિકસાવવાનું સાધન નવધા ભકિત છે, કેમ કે શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન (પૂજા), વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદનરૂપ નવધા (નવ પાસાવાળી) ભકિત સિવાય કેવળ સંસ્કારના આધારે કે ફળ કામનાથી જે પ્રીતિ ઉત્પન્ન થાય છે તે પ્રીતિ (પ્રેમ) ગૌણ અને અપરિપકવ અવસ્થાની છે,કેમ કે ભકત પ્રહ્લાદ કહે છે:

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम्
अर्चनं वन्दनं दास्यं सरख्यमात्मनिवेदनम्।।

इति पुंसार्पिता विष्णौ भक्तिश्चेन्नवलक्षणा
क्रियते भगवत्यद्धा तन्मन्येऽधीतमुत्तमम्।।

(ભાગવત - ૭/૫/ ૨૦-૩૦)

એટલે કે ભગવાન વિષ્ણુમાં સમર્પણની ભાવનાથી કરવામાં આવેલી આ નવધા ભકિત જ ઉત્તમ અધ્યયન છે. ભગવત્સ્વરૂપ, ભગવન્ગુણ, ભગવલ્લીલા, ભગવન્માહાત્મ્ય વગેરેનું સાચું પરિજ્ઞાન તો આચાર્યરૂપ ગુરુમુખથી ભગવત્શાસ્ત્રનું શ્રવણ કરીને જ સમજી શકાય. હકીકતમાં, શાસ્ત્રની પરિભાષામાં, શાસ્ત્રની શબ્દરાશિનું ગુરુમુખથી જે અર્થમાં ગ્રહણ કર્યું હોય તે **શ્રવણ** કહેવાય અને જ્યારે ગુરુના બતાવેલા અર્થ પ્રમાણે તે ભગવદ્-વિષયક શબ્દરાશિનું કથન અન્ય સામે થાય ત્યારે જ એને **કીર્તન** કહેવાય. ગુરુમુખથી સાંભળેલા અર્થમાં જ્યારે એને વિચારીએ ત્યારે તેને **સ્મરણ** કહેવાય, અન્યથા નહિ. તેથી મહાપ્રભુ ભકિતવર્ધિનીમાં આજ્ઞા કરે છે.

यथा भक्तिः प्रवृद्धा स्यात्तथोपायो निरूप्यते।

(ભકિતવર્ધિની કા. ૧)

જે પ્રકારે ભકિત પ્રવૃદ્ધ થાય તેવા પ્રકારનું નિરૂપણ (આ ગ્રંથમાં) કરવામાં આવે છે. વૈષ્ણવજન! ધ્યાન આપો! શ્રી મહાપ્રભુ કહે છે. **"ભકિતની જે પ્રકારે વૃદ્ધિ થાય, નહિ કે ઉત્પત્તિ થાય."** તેથી સ્મરણ રાખો કે ભકિતને યાને કે કૃષ્ણસેવાને આપણે આપણા સામર્થ્યથી ઊપજાવી શકતા નથી. પરંતુ જો ભગવદ્ ઈચ્છારૂપ- વરણરૂપ- કૃપારૂપ બીજભાવના રૂપમાં તે ભકિત આપણા જીવાત્માને મળી હોય તો જ મહાપ્રભુ આપણને ભકિતમાર્ગ પર ચાલવાનો અને એને વિકસિત કરવાનો ઉપાય બતાવી રહ્યા છે, નહિ કે એને ઉત્પન્ન કરવાનો. ત્યાં જ તો ઉપાયોના રૂપમાં મહાપ્રભુ શ્રવણ-કીર્તનનો ઉલ્લેખ કરે છે અને તે શ્રવણ વગેરે એ જ છે કે જે આપણે વિચાર્યું. ભાગવતના પ્રથમ સ્કંધમાં શ્રી નારદજી પોતાના પૂર્વજન્મની આખ્યાયિકા સંભળાવતા કહે છે: પોતે (નારદજી) કોઈ પૂર્વજન્મમાં દાસીના પુત્ર હતા. ત્યાં ચાર મહાપુરુષોની સેવામાં એમને નિયુકત કરવામાં આવ્યા. ત્યાં પાસે રહી, એમની આજ્ઞાથી દેહપોષણ માટે એક જ વખત એમની જૂઠન લઈ અને નિરંતર એમની પરિચર્યા કરવાથી એમનું ચિત્ત વિશુદ્ધ થઈ ગયું અને તેઓમાં રહેલા અપરિગ્રહ, અહં-મમરૂપ સંસારથી નિવૃત્તિ પરસ્પર ભગવદ્ ગુણગાનમાં

રુચિ જેવા દિવ્ય ધર્મો સ્વયંમાં (નારદજીમાં) સ્વત: ઉત્પન્ન થવા લાગ્યા અને તે પછી દિનપ્રતિદિન એમના મુખારવિંદમાંથી ભગવદ્‌ગુણગાન સાંભળતાં-સાંભળતાં ભગવાન કૃષ્ણમાં તેમની રુચિ અને પ્રેમ સિદ્ધ થઈ ગયાં. (ભાગવત - ૧-૫-૨૩ થી ૨૬) આ પ્રમાણે માર્ગમાં અથવા પુષ્ટિભકિતમાર્ગમાં રુચિ સહિત વારંવાર શ્રવણ, કીર્તન, મનન, ચિંતન કરતાં કરતાં ચિત્તમાં ભગવદ્ આવેશ થાય છે અને આ રીતે થયેલી રુચિ પુષ્ટિમાર્ગમાં પરોક્ષરુચિ અથવા પ્રથમ કક્ષાની રુચિ ગણાય છે.

વૈષ્ણવજન! આ અવસ્થા હકીકતમાં બ્રહ્મસંબંધની યોગ્યતા છે. જો આ અવસ્થા સિદ્ધ ન થઈ હોય તો બ્રહ્મસંબંધ લેવા અને લેવડાવવા તે પરમાત્મા કૃષ્ણ પ્રત્યે કરેલું એક મિથ્યાચરણ છે. સિદ્ધાંત મુકતાવલીમાં શ્રી મહાપ્રભુ સ્વકીય પુષ્ટિભકતોને સંપૂર્ણ વેદશાસ્ત્રના નિચોડરૂપ સિદ્ધાત બતાવી કહે છે કે બીજભાવયુકત જીવે કૃષ્ણસેવા સદા કરવી આવશ્યક છે– અનિવાર્ય છે. ''कृष्णसेवा सदा कार्या''
(સિદ્ધાંતમુકતાવલી કા-૧). અહીં મહાપ્રભુની દૃષ્ટિમાં જે અધિકારી છે તે ઉપર કહેલ ભગવદ્‌માર્ગમાં પ્રથમ કક્ષાની રુચિવાળા અધિકારી છે. તેથી મહાપ્રભુ કૃષ્ણસેવાનો આદેશ કંઈ દુનિયાના તમામ જીવોને નથી આપી રહ્યા. પણ પોતાના દૈવીજીવોમાંના પણ તે જીવોને કે જે કૃષ્ણસેવારૂપ ભકિતનો ઉત્કટ બીજભાવ ધરાવે છે અને તે બીજભાવના પરિણામ સ્વરૂપે મહાપુરુષના સંગથી પુષ્ટિભકિતમાર્ગમાં રુચિ ધરાવતા થઈ ગયા છે. આવા જીવોને મહાપ્રભુ સમજાવે છે કે કૃષ્ણસેવા તે તમારા સ્વભાવમાં રહેલી સુખપ્રાપ્તિની ઝંખનાનું સાચું સ્વરૂપ છે, તે જ તમારા જીવનની સાર્થકતા છે. જો તમે આ પ્રકારનો સ્વભાવ ધરાવતા હોવા છતાં, દેશ-કાળ પરિસ્થિતિથી ભટકી જઈ કે અન્ય કોઈ કારણસર મિથ્યામાર્ગ પર જઈ ચઢશો તો તમારા અસ્તિત્વના મૂળ હેતુને જ ગુમાવી બેસશો અને તમારા અંદર રહેલી બેચેની તો કોઈ પણ પ્રકારે દૂર થઈ શકશે નહિ. આ જ વાત શ્રી મહાપ્રભુ પુષ્ટિપ્રવાહમર્યાદામાં કહે છે:

इच्छामात्रेण मनसा प्रवाहं सृष्टवान् हरिः ।
वचसा वेदमार्गं हि पुष्टिं कायेन निश्चयः ।। (કા-૯)

ભગવાને સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઇચ્છાથી મનથી આસુરરૂપ પ્રવાહી સૃષ્ટિ ઉત્પન્ન કરી; સ્વકીય વાણીથી મર્યાદા સૃષ્ટિ ઉત્પન્ન કરી અને સ્વયંના સ્વરૂપથી(સ્વકીય સ્વરૂપની સેવા માટે) પુષ્ટિ સૃષ્ટિ ઉત્પન્ન

કરી. અને

तस्माज्जीवाः पुष्टिमार्गे भिन्ना एव न संशयः।
भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत्।। (કા. ૧૨)

તેથી જ પુષ્ટિમાર્ગમાં રહેલા જીવો ભિન્ન જ છે, એમાં કોઈ સંશય નથી. પુષ્ટિમાર્ગીયજીવો ભગવત્સેવા માટે જ પ્રકટ (ઉત્પન્ન) થયાં છે અન્ય કોઈ પ્રયોજનથી કે અન્ય કોઈ હેતુ માટે ઉત્પન્ન નથી થયાં.

આથી, "કૃષ્ણસેવાનું બીજ ધરાવનાર હે પુષ્ટિજીવો! કૃષ્ણસેવા જ તમારું સાચું સુખ છે, સાચો આનંદ છે, સાચો વિકાસ છે, પૂર્ણતા છે, ફળ છે."

આ કૃષ્ણસેવા માટે, જીવના અવિદ્યાના સંબંધને જોઈ, બીજા શબ્દોમાં એની અપૂર્ણતા જોઈ, મહાપ્રભુ વિકલ થયા કે નિર્દોષતમ બ્રહ્મથી સદોષતમ જીવનુ મિલન કઈ રીતે સંભવે? પરમાત્માનું હૃદય વ્યાકુળ થાય તો તેને પરમાત્મા સિવાય કોણ દૂર કરે! તેથી શ્રાવણ માસની સુદ પક્ષની એકાદશીની મધ્યરાત્રિએ (જે રીતે નંદાલયમાં મધ્યરાત્રિએ ભગવાન પ્રકટયા એવી જ રીતે) મહાપ્રભુ સામે ભગવાન પ્રકટ થયા અને કહ્યું, "હું આ બ્રહ્મસંબંધના ગદ્યસહિત જે મંત્ર બતાવી રહ્યો છું તે થકી તમારી શરણે આવેલા જે જીવનો સંબંધ કરાવશો તેને હું પ્રતિબંધથી છોડાવીને સ્વીકારીશ. જો બ્રહ્મસંબંધ પછી જીવ મારા સંબંધ સિવાય કોઈપણ પદાર્થનું ગ્રહણ ન કરે તથા જે અહં-મમ સાથેના દેહ, ગેહનો તમામ પરિકર એણે મને સોંપ્યો છે, તે વસ્તુમાત્રને પોતાના ઉપયોગમાં લાવતાં પહેલાં મને સમર્પિત કરે. આથી ફરી કદીય એનો દોષથી સંસર્ગ થશે નહિ કે જે અસમર્પિતના પરિણામ સ્વરૂપે મારા અને એના સંબંધમાં પ્રતિબંધકતા આવતી હોય છે. હે શ્રી વલ્લભ! એનું ઉદાહરણ પણ બતાવું છું કે જે રીતે લોકમાં સ્વામી અને સેવકનો વ્યવહાર પ્રસિદ્ધ હોય છે, તે પ્રકારે તમારા વડે નિવેદિત જીવે પણ મારી અને એની વચ્ચે સ્વામી-સેવકનો સંબંધ રાખવો જોઈએ."

આ પછી શ્રી મહાપ્રભુએ પાસે બેસેલા પોતાના અતિપ્રિય સેવક શ્રી દામોદરદાસ હરસાનીને પછ્યું, "દમલા! તેં કછુ સુન્યો?" સ્વામી આગળ અહં ન કેળવાય તેથી દામોદરદાસે દૈન્યથી કહ્યું, "રાજ સુન્યો તો સહી, પરિ સમુજ્યો નાહિ," કેમ કે ભગવાનના મુખારવિંદની વાણી જ્યાં

સુધી ગુરુમુખથી ન આવે ત્યાં સુધી સાંભળ્યા છતાં પણ સેવકને સમજાય કેમ? સાંભળ્યું તો આપણે છે, પણ સમજ્યા કેટલા? આપણે તો આજે આચાર્યસ્થાને બેસેલા ગુરુને પણ સમજાવવા માગીએ છીએ કે તમે કહ્યું તે ઠીક, પણ અમે કહ્યું તે તમે સાંભળ્યું કે નહિ?

કૃષ્ણસેવારૂપ ભકિતની અનિવાર્ય શરત છે અસમર્પિત ત્યાગ અને સમર્પિત જીવનની અનિવાર્યતા. બ્રહ્મસંબંધ આ કૃષ્ણભકિતનો સંસ્કાર છે, જેમ એક સ્ત્રી અને પુરુષના દામ્પત્યજીવનનો પવિત્રતમ સંસ્કાર છે પાણિગ્રહણ અને સપ્તપદી. તેથી આ કૃષ્ણસેવાનું સ્વરૂપ બતાવતાં સિદ્ધાંતમુકતાવલીમાં મહાપ્રભુ કહે છે કે ચેતસ્તત્પ્રવણં સેવા (કા. ૨) ચિત્તનું અર્થાત્ અંત:કરણનું ભગવાન કૃષ્ણમાં પરોવાઈ જવું, એકાત્મ થઈ જવું એનું નામ કૃષ્ણસેવા છે. કૃષ્ણસેવાની આ ફળસિદ્ધિ તનુવિત્તજા સેવાથી થશે. શ્રીમહાપ્રભુએ સાધનરૂપ સેવાનું એક સ્વરૂપ બતાવ્યું- 'तनुवित्तजा.' કોણ જાણે! આપણા પુષ્ટિજીવોનું ક્યારથી આ દુર્ભાગ્ય થયું, ક્યાંથી આ અશુભ જાગ્યું, ક્યું પાપ બની ગયું કે 'तनुवित्तजा' પદના બે ટુકડા કરી નાખ્યા- તનુજા અને વિત્તજા, આપણા અહં-મમની તીક્ષ્ણ કરાયેલા દુર્બુદ્ધિની કુહાડીથી. જાણે આખા પુષ્ટિમાર્ગમાં ઉન્માદ જાગ્યો! સામૂહિકરૂપથી પુણ્યનો સૂર્યાસ્ત થયો! મહાપ્રભુની દૃષ્ટિએ અવસ્થાભેદથી જે ફળરૂપ માનસી અને સાધનરૂપ તનુવિત્તજારૂપે બતાવેલી સેવાને આપણે ખંડિત કરીને ત્રણ કકડામાં વહેંચી દીધી: માનસી સેવા, તનુજા સેવા અને વિત્તજા સેવા. જરાપણ વિચાર થાય છે તો આખું અસ્તિત્વ કંપી ઊઠે છે કે વલ્લભાધીશ સામે કરાયેલા આ જઘન્ય અપરાધથી કોણ બચાવશે? કેમ કે જ્યારે ગીતામાં અર્જુન કહે છે, "પરમાત્મા"! તને તું જ જાણી શકે." તો મહાપ્રભુ સામે થયેલા આ પાપથી કેવળ શ્રીમહાપ્રભુ જ આપણને ઉગારી શકે, નહિ કે બીજું કોઈ.

શ્રી પ્રભુચરણ ગુંસાઈજીને એવી આશંકા હતી કે કદાચ આ સમસ્ત પદ 'तनुवित्तजा' નો કોઈ પણ ખોટો અર્થ થશે તો જીવનો કેટલો અધ:પાત થશે. તેથી આ શ્લોકની વ્યાખ્યામાં તેઓ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે આ 'तनुवित्तजा' એક જ પદ છે. દુર્બુદ્ધિથી જો ખોટી રીતે આપણે એને છૂટો પાડીએ તો કેવો અનર્થ થાય! એક સેવા વિત્તજા થઈ જાય કે જે પૈસા આપીને પોતે નહિ, પણ કોઈ બીજી વ્યકિત પાસે કરાવવામાં આવે અને એક તનુજા થાય કે બીજી કોઈપણ વ્યકિત પાસેથી પૈસા લઈ અને કોઈ પોતે કરે. જો આ રીતે તનુવિત્તજાને જુદી પાડવામાં આવે તો તેથી

ફળરૂપ કૃષ્ણસેવા કદીય સિદ્ધ નહિ થાય. આવા ખોટા અર્થ કોઈ ન કરે તે સાવચેતી રાખવા માટે શ્રી મહાપ્રભુએ એક સમસ્ત પદ 'तनुवित्तजा' કહ્યું. પણ એ સાવચેતીને આપણે બહુ સાવધાનીથી કાપતા ગયા અને મહાપ્રભુની ઈચ્છાની ઠીક વિરુદ્ધ આપણે અર્થ કરતા થઈ ગયા. આગળ, પ્રભુચરણ કહે છે કે તેથી ભગવાન માટે કોઈપણ હેતુ કે શરત વગર પોતાના અંહ-મમનું સર્વસ્વ ભગવાનને સોંપી દેવું અને પોતાના માથે બિરાજતા સ્વરૂપને પોતાનો દેહ સેવકની રીતે સોંપી, પોતાના જ સર્વસ્વથી (દ્રવ્યથી) પ્રેમસહિત પરિચર્યા કરવી. આવી જ પરિચર્યા ફળરૂપ કૃષ્ણસેવા સુધી આપણને પહોંચાડશે, આપણો વિકાસ કરશે, સેવાનું સ્વરૂપ કહીને આગળ ૧૬મી કારિકામાં મહાપ્રભુ આજ્ઞા કરે છે કે લૌકિક કોઈપણ અર્થથી જો કૃષ્ણની સેવા કરવામાં આવે તો તેને સર્વથા કલેશ થાય છે. આ શ્લોકની વ્યાખ્યા આપતાં પ્રભુચરણ આજ્ઞા કરે છે કે લોક પદથી લૌકિક અર્થ કહેવામાં આવ્યો છે. તેથી લૌકિક કોઈપણ હેતુથી પ્રેરિત થઈ જો કૃષ્ણની સેવા કરે તો આ સ્થિતિમાં સેવા સેવા ન રહેતાં વ્યાપાર થઈ જાય. તે લેણદેણરૂપ વ્યાપાર અલૌકિક માર્ગમાં અનર્થરૂપ છે. આવી લૌકિક અર્થવાળી વ્યકિતની સેવા (?)માં ભકિતનો અભાવ હોવાથી તેનું સર્વ કાંઈ કરેલું કલેશરૂપ જ થાય છે. ' 'क्लिष्ट' પદથી શ્રીમહાપ્રભુ આ વાત કહી રહ્યા છે. લોકાર્થીને કેવળ આ લોક કે જગત સંબંધી જ દુ:ખ મળતું નથી પણ તેનો પરલોક પણ નષ્ટ થઈ જાય છે, કેમ કે ભગવત્શાસ્ત્રમાં લૌકિક માટે કૃષ્ણસેવા કરવાનો નિષેધ છે અને નિષિદ્ધ આચરણ હોવાથી મહાપ્રભુ સ્વયં 'सर्वथा' પદનો ઉપયોગ કરે છે. કૃષ્ણસેવામાં વ્યાપારપણાથી દુ:ખ થાય છે એ વાતનો જેને જરાપણ બોધ છે તે જીવ સેવા બાબતમાં લૌકિક અર્થપણું નથી જ રાખતો.

આ પ્રકારે આપણે જોયું કે મહાપ્રભુ ઉત્કટ બીજભાવવાળી વ્યકિતને ભકિતમાર્ગ એટલે કે સેવામાર્ગનો અધિકારી ગણે છે, પણ દરેકને સેવામાર્ગને યોગ્ય ગણતા નથી. તેથી જ જો આપ સર્વે વૈષ્ણવો શાંત ચિત્તથી વાર્તાઓ ઉપર ધ્યાન આપશો તો ત્યાં પણ જણાશે કે જે જીવ કૃષ્ણસેવાના અધિકારી હતા તેઓને જ બ્રહ્મસંબંધ દીક્ષાથી પરમાત્મા સાથે સંબંધ કરાવ્યો છે. પરંતુ જે જીવ યોગ્યતા ધરાવતા ન હતાં તેઓને બ્રહ્મસંબંધ નથી કરાવ્યા અને કહ્યું છે કે શરણમાર્ગથી અને ભગવદીયોથી તેમનો ઉદ્ધાર થશે. આવાં અનેક ઉદાહરણો ૮૪-૨૫૨ મહાનુભાવોનાં ચરિત્રોમાં છે.

સંપૂર્ણ ગીતાશાસ્ત્રનો ઉપદેશ આપીને તેમાં ભક્તિમાર્ગની પ્રધાન વ્યવસ્થા બતાવીને તે ભક્તિમાર્ગના ફળરૂપ સ્વય સાક્ષાત્ પુરુષોત્તમની પ્રાપ્તિ બતાવી. પરંતુ સ્વભાવ-અધિકારના ભેદથી દુર્બળ બીજભાવવાળી વ્યક્તિને પ્રબળભાવવાળી ભક્તિ ન થાય. આથી અર્જુનના માધ્યમથી પરમાત્મા પોતાના અંશને સાંત્વન આપી રહ્યા છે કે સાધન, અસાધન સર્વ કાંઈ છોડી, તું મુજ એકની શરણમાં આવ. હું તને સર્વે અશુભથી દૂર કરી મારો બનાવીશ, શોક શા માટે?

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः।।

(ગીતા - ૧૮/૬૬)

આ રીતે નિર્બળ બીજભાવવાળી વ્યક્તિને પણ શોકથી દૂર કરવાની કારુણિકતા કેવળ શ્રીકૃષ્ણમાં જ નથી, પણ કૃષ્ણના મુખારવિંદરૂપ વૈશ્વાનર ભગવાન મહાપ્રભુમાં પણ છે. તેથી આપણે કહીએ છીએ કે "बीजं कारुणिकः प्रभुः." મહાપ્રભુ પણ ઉત્કટ ભક્તિની યોગ્યતા ન ધરાવનાર, પરંતુ કૃપાનું બીજ ધરાવનાર જીવાત્મા માટે સહજ ઉદ્ઘોષ કરે છે:

सर्वमार्गेषु नष्टेषु कलौ च खलधर्मिणी।
पाषंडप्रचुरे लोके कृष्ण एव गतिर्मम।।

(કૃષ્ણાશ્રય સ્તોત્રમ્ - કા. ૧)

અર્થ:- સર્વ માર્ગોનો નાશ થયો હોવાથી અને ખલધર્મવાળો કલિકાલ હોવાથી, લોક પાખંડ-પ્રચુર હોવાથી ભગવાન શ્રીકૃષ્ણ જ મારો આશ્રય છે. ભક્તિમાર્ગથી અલગ એવો આ શરણમાર્ગ શ્રીવલ્લભાધીશે બતાવ્યો હોવાથી શ્રી પ્રભુચરણ તેમને पृथक्शरणमार्गोपदेष्टा નામ આપીને વંદન કરે છે. આવો! આપણે ફરીથી સમજી લઈએ કે દૈવી જીવોને પણ તેમના સ્વભાવ અને અધિકારી ભેદથી અનેકવિધ ઉત્તમોત્તમ ફળ ભગવાન આપે છે. **જેનો ભક્તિમાર્ગનો બીજભાવ હોય તેની સાર્થકતા કૃષ્ણસેવામાં છે. પણ જેનો બીજભાવ પ્રપત્તિમાર્ગનો છે તેને તો બધું જ 'कृष्ण एव गतिर्मम' માં મળી રહે છે.**

કોઈ પિતાના ચાર દીકરાઓ હોય અને એક પોતાનો વિકાસ ડોકટર

થઈને કરે, એક એન્જીનિયર થઈને, એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થઈને કરે અને એકને સુખ પિતાની પેઢીએ બેસીને મળે. વિકાસ તો ચારેયનો છે, ધન પણ ચારેયની પાસે છે, પણ જુદી જુદી રીતે. તેવી જ રીતે આપણા વડીલો કે સગાંઓ ભકિતમાર્ગીય હોય તેથી કરીને આપણે ભકિતમાર્ગીય ન બની શકીએ,કેમ કે ડોકટર પિતાનો પુત્ર ડોકટર હોવો જરૂરી તો નથી જને. તે જ રીતે આપણે ભકિતમાર્ગીય કે શરણમાર્ગીય હોઈએ તો આપણાં દીકરા-દીકરીઓ ભકિતમાર્ગીય કે શરણમાર્ગીય ન પણ હોઈ શકે. વાર્તા સાહિત્યમાં પણ દામોદરદાસ સંભલવારા જેવા ભગવદીયને મ્લેચ્છ પુત્ર જન્મ્યો હતો અને કોઈ મ્લેચ્છને ત્યાં અલીખાન કે રસખાન જન્મ્યા હતા તેવું જોવા મળે જ છે. આ પ્રકારે જોઈએ તો આપણને થશે કે જો પુષ્ટિમાર્ગમાં રુચિ ન થતી હોય, કૃષ્ણસેવા માટે બેચેની ન થતી હોય, ભગવાનની ઊણપ ન લાગતી હોય તો બ્રહ્મસંબંધ જેવી અલૌકિક દીક્ષા કે જે કૃષ્ણસેવા માટે જરૂરી છે તે પરમાત્મા સાથેનો ઉપહાસ છે, છળ છે, કપટ છે, દગો છે, મોટું પાપ છે. આપણાં શાસ્ત્રો કહે છે.

"योऽन्यथा सन्तमात्मानमन्यथा प्रतिपद्यते ।
किं तेन न कृतं पापं चौरेणात्मपहारिणं ।।"

"જે વ્યકિત જે સ્વભાવ-અધિકારને ધરાવીને પોતાના વ્યકિતત્વના વિકાસ માટે જુદી દિશાએ કાર્ય કરે છે તો એ જ સાચો ચોર છે, કેમ કે તે પોતાના આત્માનું અપહરણ કરે છે." તેથી જો ૫ વર્ષની, ૮ વર્ષની કે ૧૦ વર્ષની દીકરીને યોગ્ય ન હોવાના કારણે, અપરિપકવ હોવાના કારણે અને કાયદો હોવાના કારણે ન પરણાવી શકતી હોય તો શા માટે એવો દુરાગ્રહ (માર્ગીય સિદ્ધાંત - કાયદા વિરુદ્ધ) કે ૫, ૮ કે ૧૦ વર્ષના બાળકને બ્રહ્મસંબંધ અપાવી દેવા જોઈએ??? જો લૌકિક ઉત્તરદાયિત્વના નિર્વાહની જવાબદારી આપણને એટલી સતાવતી હોય, બાળકનું લૌકિક ભાવિ એટલું બધું વહાલું હોય તો શા માટે આપણે પરિપકવતા વગર, ઉત્તરદાયિત્વની સમજ વગર એના અલૌકિક જીવની હત્યા કરવા તત્પર થઈ જઈએ છીએ??? કૃષ્ણ સેવારૂપ ભકિત કંઈ સાધારણ વાત તો નથી જ, કેમ કે શ્રીમહાપ્રભુ જ કહે છે:

– કલિકાલમાં ભકિત વગેરે માર્ગો દુ:સાધ્ય છે એવી મારી (મહાપ્રભુની) મતિ છે.

कलौ भक्त्यादि मार्गा हि दुःसाध्या इति मे मतिः ।

(વિવેકધૈર્યાશ્રય - કા. ૧૭)

જો લૌકિક દરેક ક્ષેત્રમાં તે તે પ્રકારની યોગ્યતા ધરાવનાર વ્યકિતને તેના જ્ઞાન અને ગુણવત્તા (merit)ના આધારે સ્થાન મળતું હોય તો શું અલૌકિક સ્થાન ફોગટમાં મળે છે કે જ્યારે જોઈએ ત્યારે ભાજીપાંઉના ભાવે ભકિત વેચાતી મળી જાય? સામાન્ય રીતે પણ દૈવ અને અસુર સૃષ્ટિમાં દૈવ અલ્પ સંખ્યક હોય છે તો ઉત્તમોત્તમ ફળને પ્રાપ્ત કરાવનાર કૃષ્ણસેવારૂપ ભકિતના અધિકારી કેટલા અલ્પ હોવા જોઈએ?

સેવામાર્ગના નિર્વાહની વ્યવસ્થાનો વિચાર શ્રીમહાપ્રભુ તત્ત્વાર્થદીપનિબંધ (સર્વનિર્ણય પ્રકરણ), શ્રીસુબોધિની, આણુ-ભાષ્ય, ષોડશ-ગ્રંથમાંના સિદ્ધાંતમુકતાવલી, સિદ્ધાંતરહસ્ય, પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાભેદ, ચતુઃશ્લોકી, ભકિતવર્ધિની વગેરે ગ્રંથોથી સાંગોપાંગ સમજાવે છે. ટૂંકમાં, કૃષ્ણસેવા એ એક સંપૂર્ણ જીવનપ્રણાલી છે. તેમાં માર્ગના નિયમાનુસાર પુરુષોત્તમસ્વરૂપને ઘરમાં પધરાવી, પોતાના દેહ-ગેહનો નિર્વાહ ભગવાને ઉપભોગ કરેલી વસ્તુ વડે કરવાની અનિવાર્યતા છે.

उच्छिष्टभोजिनो दासास्तव मायां जयेमहि।

આ ભાગવતશાસ્ત્રના પ્રમાણ વડે ઉચ્છિષ્ટભોજી અર્થાત્ સ્વામીએ આપેલી જૂઠણરૂપ પ્રસાદી વસ્તુથી ભગવત્પ્રાપ્તિમાં સંસારની પ્રતિબંધકતા નથી રહેતી. આ બધું તર્ક, વાદવિવાદ કે દબાણથી ન થઈ, સહજ, સ્વાભાવિક વૃત્તિથી થવું જોઈએ. જેમ લોકમાં જુદી-જુદી વ્યકિતઓ રુચિ, અવસર અને દેશ-કાળની પરિસ્થિતિ અનુસાર પોતાને અનુકૂળ આવતાં ધંધા, નોકરી અને અન્ય પ્રકારની વ્યાવૃત્તિનું ગ્રહણ કરતા હોય છે અને સંસારાસકિત હોવાના કારણે તે-તે વ્યકિતઓની તેના વ્યવસાય વગેરે વ્યાવૃત્તિઓમાં સંપૂર્ણ આસકિત સ્વાભાવિક હોય છે તેમ જ ભકિતમાર્ગીય જીવની સ્વાભાવિક આસકિત ભકિતમાર્ગીય જીવનપ્રાણાલીમાં હોય છે. કોઈપણ દબાણથી કોઈ ભકિત કરાવતું નથી. તેથી જેમ લોકમાં જો સ્વતંત્ર રીતે વૃત્તિ કે વ્યવસાયની પસંદગી કરાતી હોય તો કોઈપણ જાતનું દબાણ ભકિતમાર્ગીય જીવનપ્રણાલી કે તેના અધિકારરૂપ સંસ્કાર બ્રહ્મસંબંધ માટે જ કેમ હોવું જોઈએ? હા! આપણી સામાજિક વ્યવસ્થાના અંગરૂપ ઘરોમાં વૈદિક ધર્મ અને સંસ્કૃતિના વેશભૂષા, ભાષા, વ્યવહાર વગેરે પ્રત્યે આગ્રહ હોવો જોઈએ.

વૈદિક ધર્મ એ એક સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક વ્યવસ્થા હોવાને કારણે કદાચ તેનું દબાણ કુટુંબ કે સમાજ પર લાવી શકાય છે, 'કેમ કે આ તમામ વર્તમાન આપણા સ્થૂળ દેહના કારણે વર્ણ-આશ્રમ સાથે સંબંધ ધરાવે છે અને આ વર્ણ-આશ્રમના શિસ્તને ચોક્કસપણે શીખી શકાય છે, શીખવાડી શકાય છે, અપનાવી શકાય છે, જીવંત કરી શકાય છે. જેમ મિલિટરીમાં રહેવા માટે મિલિટરીનું શિસ્ત, હૉસ્પિટલમાં રહેનાર માટે હૉસ્પિટલનું શિસ્ત, કોર્ટ-કચેરીઓમાં કોર્ટ-કચેરીઓનું શિસ્ત, વ્યાપારીને વ્યાપારગત વ્યવહારનું શિસ્ત વગેરે. આ દરેક વિભાગમાં કામ કરતી અનેક વ્યકિતઓના દેહના વ્યવહારને અનુશાસિત કરી શકાય છે. પણ માણસની રુચિભેદ અને મનના સ્વભાવને બદલી શકાતો નથી કેમ કે મન દેહની જેમ સ્થૂળ વસ્તુ નથી. ભકિતમાર્ગ, શરણમાર્ગ, જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ, ઉપાસનામાર્ગ વગેરે શાસ્ત્રોમાં બતાવેલા સન્માર્ગ પણ વ્યકિતના સ્વભાવ, આત્મા અને મનમાં વણાયેલા છે અને સ્વાભાવિક રીતે જન્મથી પ્રાપ્ત થયેલા છે– સહજ છે. તેનો વિકાસ કરી શકાય પણ એને ઉત્પન્ન ન કરી શકાય. એક બાળકના સ્વભાવમાં ચિત્રકલાનાં બીજ હોય, એકના સ્વભાવમાં સંગીતની લહરી હોય, એકના સ્વભાવમાં ગણિતના આંકડા (number) નાચતા હોય, એકને શિલ્પકલાનો સ્વભાવ હોય તો દીર્ઘકાળના અભ્યાસથી, નિરંતરતા અને આદરથી એક મહાન ચિત્રકાર બની શકે, એક સંગીતકાર, એક ગણિતશાસ્ત્રી, અને એક મહાન શિલ્પી બની શકે. સ્મરણ રાખો! આ બધું મનુષ્યમાં રહેલો એનો મૌલિક સ્વભાવ છે, નહિ કે અસ્વાભાવિક રીતે, તે-તે સમયે, તે-તે સ્થિતિમાં, વ્યવહારમાં લાવવામાં આવતું શીખેલું શિસ્ત. જેમ કે એક સૈનિક જ્યારે ફરજ પર હાજર હોય ત્યારે એના મનમાં જે હોય તે, પણ વ્યવહાર તો તેણે શિસ્ત પ્રમાણે કરવો પડે છે. જ્યારે 'ફાયર'નો ઑર્ડર થાય ત્યારે મનમાં ભલે દયાનો સમુદ્ર લહેરાતો હોય, પણ 'ફાયર' તો કરવું જ પડે. તેવી જ રીતે સાચા અર્થમાં જો ધાર્મિક શિસ્ત લાવવું હોય તો પોતાના ઘર, સમાજમાંથી પાશ્ચાત્ય સંસ્કૃતિ (અંગ્રેજીયત)ની ગુલામીને બહાર કાઢો, તેની પૂજાને બહાર કાઢો અને પ્રતિષ્ઠિત કરો વૈદિક ધર્મને કે જે આપણી સાચી ઓળખાણ છે અને જેમાં આપણું સાચું જીવન રહેલું છે. અસ્તુ!

હવે શરણાગતિનું પાસું જોઈએ. સ્વભાવથી જે જીવનો સેવામાં અધિકાર નથી તેના માટે શ્રીમહાપ્રભુ મુખ્યત્વે શરણાગતિ-પ્રપત્તિનો એક ઉપાય બતાવે છે. જેમ ગીતામાં ભકિતમાર્ગનો ઉપદેશ આપી, તે રીતે

નિર્વાહ ન થઈ શકવાની સ્થિતિમાં 'सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज' (ગીતા ૧૮-૬૬) વાક્યથી શરણમાર્ગ એક સ્વતંત્ર ઉપાય તરીકે કહેવામા આવ્યો છે. આ જ વાત શ્રી મહાપ્રભુ કૃષ્ણાશ્રય સ્તોત્રમાં 'कृष्ण एव गतिर्मम' થી કહેવા માગે છે. ભગવદ્કૃપાનું બીજભાવ ધરાવનાર પરંતુ કૃષ્ણસેવારૂપ ભકિતની ઉત્કટતારહિત છતાંય ભગવદ્ માર્ગથી અન્યત્ર ન જવા યોગ્ય એવા જીવને. પોતાની અને પોતાના જીવનની સાર્થકતા 'કૃષ્ણ એવ ગતિર્મમ'માં જ શોધવી જોઈએ. અંતર્નિહિત ક્ષમતાને ભૂલીને જો પોતાનો વિકાસ કરવા જઈએ તો કદાચ.

"ન ખુદા હિ મિલે ન વિસાલે સનમ
ન ઈધર કે રહે નઉધર કેરહે" જેવી પરિસ્થિતિ પણ સર્જાય.

ભગવાન શ્રીકૃષ્ણ જ આ લોક અને પરલોકમાં મારા સમર્થ સ્વામી છે, હું તેમનો દાસ છું- મનના એવા દૃઢ નિશ્ચય સાથે શ્રીકૃષ્ણ સિવાય અન્ય દેવનો, લૌકિક કે અલૌકિક કોઈપણ હેતુ માટે આશ્રય ન રાખી, નીતિ સહિત આડંબરરહિત જીવનપ્રણાલીનો નિર્વાહ કરવો, એનું નામ શરણમાર્ગ. ભકિતવર્ધિનીમાં

सेवायां वा कथायां वा यस्यासक्तिर्दढाभवेत् ।
यावज्जीवं तस्य नाशो न क्वापीति मतिर्मम । ।

(ભકિતવર્ધિની - કા. ૯)

અર્થ:- જેની સેવામાં અથવા કથામાં આસકિત જીવનપર્યંત દૃઢ થાય છે, તેઓનો ક્યારેય પણ નાશ થતો નથી. આ કારિકામાં 'સેવાયાં વા'માંના 'વા' પદથી કથામય જીવનપ્રણાલીની દિશા સૂચવે છે. તે અનુકલ્પરૂપ ઉપાય શરણાગતિની દિશાનો પણ સૂચક છે. અહીં જ

अतः स्थेयं हरिस्थाने तदीयैः सह तत्परैः ।

(ભકિતવર્ધિની કા. ૮)

અર્થ:- આથી ભગવત્પરાયણ ભગવદીય સાથે હરિસ્થાનમાં રહેવું- કારિકામાં હરિસ્થાનોમાં નિવાસ પણ સૂચવ્યો છે. નિબંધમાં પણ શરણમાર્ગનું નિરૂપણ કરતાં શ્રીમહાપ્રભુ કહે છે

जगन्नाथे विठ्ठले च श्रीरङ्गे वेङ्कटे तथा ।
यत्र पूजाप्रवाहः स्यात्तत्र तिष्ठेत तत्परः ।

(સર્વનિર્ણય પ્રકરણ - ૨૫૫)

અર્થ:- જગન્નાથપુરી, વિઠ્ઠલમાં (પંઢરપુરમાં), શ્રીરંગમાં, શ્રીવેંકટજી વગેરે સ્થાનોએ જ્યાં ભગવત્પૂજાનો પ્રવાહ ચાલતો હોય ત્યાં ભગવન્પરાયણ થઈને રહેવું. આમ, શ્રીમહાપ્રભુ અહીં ભારતનાં પ્રાચીનતમ ભગવદ્સ્થાનો કે જ્યાં પૂજાનો નિરંતર પ્રવાહ ચાલતો હોય ત્યાં રહીને પોતાની શરણાગતિ દૃઢ કરવાનો ઉપદેશ આપે છે. **પ્રપત્તિરૂપ શરણમાર્ગમાં ભગવદ્સ્થળોએ રહી, મહાપુરુષ- ગુરુના મુખેથી ભગવાનનું સ્વરૂપ, જીવાત્માનું સ્વરૂપ, જગતનું સ્વરૂપ, ભગવલ્લીલાનું સ્વરૂપ- આ પ્રકારે ભગવત્શાસ્ત્રનો ઉપદેશ શ્રાવણ કરી, સમયે સમયે ભગવદ્ભકતોનો સંગ મેળવી, સ્વકીય શરણાગતિ દૃઢ કરવી જોઈએ.** આ માટે સ્વમાર્ગીય સ્તુતિગ્રંથો જેવા કે સર્વોત્તમસ્તોત્ર, શ્રીવલ્લભાષ્ટક, સપ્તશ્લોકી, પુરુષોત્તમસહસ્રનામ, કૃષ્ણાશ્રય સ્તોત્ર, યમુનાષ્ટક, વલ્લભાખ્યાન વગેરેના અધિકાધિક પઠન, મનન, ચિંતન વગેરે પણ કરવું જોઈએ. સાથે સાથે શરણાગતિનું સ્વરૂપ બતાવનાર અને એને દૃઢ કરનાર વિવેકધૈર્યાશ્રય અને કૃષ્ણાશ્રયનું વિસ્તારપૂર્વક અધ્યયન અને ચિંતન પણ કરવું જોઈએ. વળી આચાર્યચરણની આજ્ઞાનુસાર

तस्मात् सर्वात्मना नित्यं श्रीकृष्णः शरणं मम।
वदद्भिरेव सततं स्थेयमित्येव मे मतिः।।

(નવરત્ન કા. ૯)

અર્થ:- તેથી (જીવથી સર્વ કાંઈ લઈ શકતું નથી તેથી) સર્વ રીતે હમેશાં श्रीकृष्णः शरणं मम એ અષ્ટાક્ષર મંત્રનું રટણ કરતા રહેવું એવી મારી (શ્રીમહાપ્રભુની) મતિ છે-

આ પ્રમાણે યાવત્શક્ય અષ્ટાક્ષરની આવૃત્તિ પણ આશ્રયને દૃઢ કરવા માટે જરૂરી છે. આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે સેવામય જીવનમાં જેમ રૂપસેવાની પ્રધાનતા છે, તેમ શરણાગતિરૂપ અનુકલ્પમાં નામરૂપ ભકિતનું પ્રાધાન્ય છે. પણ એટલું ફરી યાદ રાખો કે શ્રી મહાપ્રભુ 'यावत्जीवं' કહી રહ્યા છે. ભકિતમાર્ગીય કે શરણમાર્ગીય જીવનો એના સ્વભાવથી વિપરીત દિશામાં વિનાશ ન થાય- તે સાચું, પણ તે ક્યારે કે જ્યારે કૃષ્ણસેવા (રૂપસેવા) કરનાર વ્યકિત આજીવન નિશ્ચલ બનીને સેવા કરે

અને શરણમાર્ગનિષ્ઠ વ્યકિત પણ નિરંતર શરણાગતિને દૃઢ રાખે. તો જ બન્ને માર્ગ જીવને કૃત-કૃત્ય બનાવી શકે છે. બન્ને માર્ગમાંથી કોઈપણ માર્ગ part time job નથી પણ full time -સંપૂર્ણ જીવનપ્રણાલી છે. ફરી ધ્યાન આપીએ કે સેવા કે શરણાગતિ આપણે જીવ હોવાના કારણે, સહજ દાસ હોવાના કારણે, પુષ્ટિનો સ્વભાવ ધારણ કરવાને કારણે આપણી જરૂરિયાત છે, આપણી ઝંખના છે, નહિ કે પરમાત્માની. તેથી કેવળ સેવામાર્ગમાં પ્રવેશ અપાવનાર બ્રહ્મસંબંધરૂપ સંસ્કાર માટે જ નહિ પરંતુ શરણમાર્ગની નામદીક્ષા કે અષ્ટાક્ષર-મંત્રદીક્ષા માટે પણ વિચાર કરવો આવશ્યક છે. નામદીક્ષા અને બ્રહ્મસંબંધ દીક્ષા તે ભગવન્માર્ગના સ્વરૂપ અને વ્યવસ્થા નિભાવ્યા વગર ભગવદ્ પ્રાપ્તિ , મોક્ષપ્રાપ્તિ, શ્રેયપ્રાપ્તિ , લૌકિક સુખ, રોગ નિવૃત્તિ, ધનપ્રાપ્તિ કે દેહસુખ માટેની લોટરી નથી. અલબત્ત, પરમાત્મા એક શિશુપાલને, એક કંસને કે અજામિલને એના દ્વેષ, દુષ્કર્મ ભૂલીને પણ પરમગતિ આપી શકે છે, પણ તે પરમાત્માની ઈચ્છા છે. તેમની પરમગતિ જોઈ આપણાથી શિશુપાલ, કંસ કે અજામિલ બનવાનો પ્રયાસ કરી શકાય નહિ. આપણે તો વૃત્રાસુરના શબ્દોમાં એટલું જ કહી શકીએ:

अहं हरे तव पादैकमूलदासानुदासो भवितास्मि भूयः ।
मनः स्मरेतासुपतेर्गुणांस्ते गृणीत वाक् कर्म करोतु कायः ।।

(ભાગવત-૬/૧૧/૨૪)

અર્થ:- હે હરિ! આપનાં ચરણોમાં અનન્યભાવથી આશ્રિત આપના દાસોનો મને દાસ બનાવો. મારા પ્રાણપતિ! મારું મન નિરંતર આપનું સ્મરણ કરતું રહે; મારી વાણી નિરંતર આપના ગુણોને ગાતી રહે; અને મારી કાયા નિરંતર આપનાં કાર્યો કરતી રહે- એવી કૃપા મારા માટે વિચારો!

આમ પરમાત્મા પ્રાણપ્રેરક ભગવાન શ્રીકૃષ્ણ એના દાસનો પણ દાસ બનાવે તો તકદીરનું જેકપોટ. તેથી નામદીક્ષા લેતાં કે લેવડાવતાં પહેલાં એટલો વિવેક તો રાખવો જ જોઈએ કે આ લોક અને પરલોક કૃષ્ણ સાથે બાંધીએ છીએ. જીવનમાં પ્રધાનતા કૃષ્ણના આશ્રયની છે; દેહ, ગેહ, ધન, સંપત્તિ કે સમાજની નહિ. ઉપનિષદ્માં ધર્મ-સ્વરૂપ યમરાજ સ્વયં નચિકેતાને બતાવે છે કે શ્રેય અને પ્રેયના રસ્તા જુદા છે; શ્રેયનો શ્રેય માટે અને પ્રેયનો પ્રેય માટે. પ્રેય એટલે પ્રિય લાગતા અનિત્ય સંસાર અને સંસારના પદાર્થો.

अन्यच्छ्रेयोऽन्यदुतैव प्रेयस्ते उभे नानार्थेपुरुषँ सिनीतः।

(કઠોપનિષત્ - ૨/૧)

અહીં એક સૂચન છે કે આપના ગામ કે શહેર નજીક કોઈ નદી કે સમુદ્ર હોય તો બે નૌકા (નાવ) સાથે રાખીને બન્નેમાં એક એક પગ મૂકીને નાવને પ્રવાહમાં ચલાવજો. અને પરિણામ...!

સત્ અને અસત્નો હિસાબ રાખનાર ધર્મરૂપ યમરાજે સાચું જ કહ્યું છે કે શ્રેય અલગ છે અને પ્રેય અલગ છે.

અહીં કદાચ આપનામાંથી કોઈ કહેશે કે તો ઓર્ગેનાઈઝેશન (સામૂહિક વ્યવસ્થા) કેમ ચાલશે? વાત સાચી છે. પણ ફરીથી યાદ દેવડાવીએ કે વૈદિક વર્ણાશ્રમ ધર્મ સામૂહિક હોઈ શકે; અને એના માટે આપને ચિંતા હોય તો હું આપને સાધુવાદ આપું છું કે કમસે કમ ભારતમાં ઋષિ-મુનિઓનું લોહી હજી જીવંત છે; પણ યાદ કરો કે આત્મ-સાક્ષાત્કારના પ્રકાર તો વ્યકિતભેદ પર છે, સ્વભાવભેદ પર છે, અધિકારભેદ પર છે. તેથી તે વ્યકિતગત છે, સ્વભાવગત છે, અધિકારગત છે. પ્રજાતંત્રનું માનસ ધરાવનારે આ જગતને પ્રજાતંત્રમાં રંગવાનું વિચાર્યું, સામ્યવાદીઓએ કૉમ્યુનિસ્ટ જગતની કલ્પના કરી, સામંતશાહી દૃષ્ટિ ધરાવનાર એક છત્ર-સામ્રાજ્યની કલ્પના કરી. વિચારવા માટે તો સમર્થથી સમર્થ વ્યકિતઓએ શું નથી વિચાર્યું? પણ દુનિયા તો જેવી છે તેવી જ આપણી સામે છે. કેલિડોસ્કોપની જેમ તેની પણ અગણિત ડિઝાઈનો છે; આપણે જોતા થાકીશું પણ એમાં બનતી ડિઝાઈનો નહી થાકે! ઓર્ગેનાઈઝેશનની સમસ્યાનો ઉકેલ સુંદર રીતે મંત્રદ્રષ્ટા ઋષિના શબ્દોમાં આપણને મળે છે. તેઓ કહે છે, "પરમાત્માએ ઈન્દ્રિયોને સ્વભાવથી બહિર્ગામી બનાવી છે. તેથી સ્વભાવિક રીતે તે-તે ઈન્દ્રિયો પોતપોતાના ભોગ્ય તરફ દોડે છે; અંતરાત્મા તરફ પ્રયાસ નથી હોતો; કોઈક સૌભાગ્યશાળી ધીર પુરુષ અમૃતપ્રાપ્તિની ઈચ્છાથી પોતાની ઈન્દ્રિયોને પરમાત્માના માર્ગે અનુગામી બનાવી પરમાત્માના સાક્ષાત્કારની ઝંખના કરે છે."

હું પણ આપનું ધ્યાન આ કોઈક ધીર ઉપર દોરવા માગું છું અને કહેવા માગું છું કે વૈદિક-સનાતન ધર્મ અને વર્ણાશ્રમ વ્યવસ્થાને પુનઃ શકિતશાળી અને સક્ષમ બનાવવા માટે ઘેર-ઘેર, ગામેગામમાં, સમાજમાં,

નગરમાં, દેશ આખામાં ચળવળ ચલાવી શકાય છે અને સાચા અર્થમાં હજુ પણ અંત:કરણમાં ભારતીયત્વ શેષ હોય તો ચળવળ ચલાવવી જોઈએ. પણ સેવામાર્ગ કે શરણમાર્ગના ઓર્ગેનાઈઝેશન'નો પ્રશ્ન હોય તો હું ફરી-ફરીને ઉપનિષદ્‌ના જ શબ્દ- 'कश्चिद् धीरः' કોઈક ધીર અર્થાત્ ભગવત્કૃપાપાત્ર જીવ આ રસ્તે ચાલી શકે, નહિ કે પ્રવાહી જીવોનો સમૂહ- યાદ અપાવીશ. **તેથી સેવામય જીવનપ્રણાલીના અભાવમાં બ્રહ્મસંબંધ દીક્ષા માટે કોઈપણ જાતનો દુરાગ્રહ ન રાખી, આપણે પોતે અને આપણાં બાળકો, કુટુંબીજનોને અષ્ટાક્ષર મંત્રરૂપ શરણમાર્ગીય દીક્ષા લેવી અને લેવડાવવી જોઈએ.** જો ભગવત્માર્ગનો સ્વભાવ આપણામાં અને આપણા સંબંધીજનોના અંતરમાં હશે તો તે નિશ્ચિત નામદીક્ષારૂપ સંસ્કાર અને શરણાગતિની જીવનપ્રણાલીના પોષણથી પરિપકવ થઈ આપણા જીવનમાં પૂર્ણતયા પલ્લવિત થશે. અને પરમાત્મા કૃષ્ણ આપણને સદ્‌ગતિરૂપ શ્રેય ચોક્કસ આપશે, તે બાબતમાં આપણે સંદેહ રાખવો જોઈએ નહિ. મહાપ્રભુ સ્વયં આજ્ઞા કરે છે કે વિશુદ્ધ બુદ્ધિ અને નિત્યનિયમથી કૃષ્ણાશ્રય સ્તોત્રનો જો પાઠ કરવામાં આવે તો તે વ્યકિતને પરમાત્મા કૃષ્ણનો આશ્રય નિશ્ચિત સિદ્ધ થશે અને પરમાત્મા શ્રીકૃષ્ણનો આશ્રય જો સિદ્ધ થતો હોય તો વૈષ્ણવજન! વિચારો ને કહો કે તેથી અધિક શ્રેય બીજું શું હોઈ શકે?

એક બીજી સૂચના પણ અહીં પ્રસંગોપાત્ત આપવા માગું છું કે જૂની પેઢીના જે લોકો, ખાસ કરીને મહિલા વર્ગ, કે જે એવો દુરાગ્રહ રાખે છે કે તેમનાં દીકરા, દીકરી કે વહુને જો બ્રહ્મસંબંધ ન હોય તો પાણીનો પણ વ્યવહાર કરી શકાય નહિ. તેથી પુન: મારું કથન છે કે જડતા છોડીને આપણે ખુલ્લા દિલથી કેમ નથી વિચારતા કે બ્રહ્મસંબંધ કાંઈ વડીલોને પાણી પિવડાવવાની પરમિટ નથી; પણ જીવાત્માને પરમાત્મા પ્રાપ્ત કરવાનો દિવ્ય સંસ્કાર છે. તેનો પાણી પિવડાવવાની પરમિટરૂપે ઉપયોગ થતો હોય તો આપણું અને આપણા તમામ વૈષ્ણવસમાજનું તેથી મોટું દુર્ભાગ્ય બીજું શું હોઈ શકે? ચતુર્થ ઘરના શ્રીગોકુલપતિના સેવકોએ નોંધ લેવી જોઈએ કે અનિવાર્ય સંજોગોમાં નામદીક્ષા પામેલી વ્યકિત ઘરમાં બિરાજતા શ્રીઠાકોરજીના સ્પર્શ સિવાય બીજી દરેક ટહેલ કરી શકે છે, સામગ્રી સિદ્ધ કરી શકે છે. આ પ્રમાણે જો પ્રભુની સેવામાં તે પ્રભુના સ્પર્શ સિવાય દરેક ટહેલ કરી શકતો હોવા છતાં પણ આપણને

ખાનપાનના વ્યવહારનો આ પ્રકાર ન પોષાતો હોય તો ખરેખર! આપણે ભગવાનથી પણ મોટા ભગવદીય!!! અહીં એક નોંધ લેવી જરૂરી છે કે સામાન્ય પરિસ્થિતિમાં ભગવદ્‌સેવામાં સહયોગ માટે બ્રહ્મસંબંધ દીક્ષા પ્રાપ્ત કરેલ વ્યકિતનો જ સમાવેશ કરવો જોઈએ; અને અનિવાર્ય તેમ જ વિષમ પરિસ્થિતિમાં ભગવદ્‌સેવાના વ્યવહારમાં નામદીક્ષા લીધેલી વ્યકિતનો સમાવેશ કરી શકાય છે. ઘરના, પરિવારના કે વૈષ્ણવસમાજના બ્રહ્મસંબંધ દીક્ષા પ્રાપ્ત કરેલી વ્યકિતઓ નામદીક્ષા પ્રાપ્ત કરેલ વ્યકિતઓના હાથથી ખાનપાનનો વ્યવહાર કરી શકે છે.

મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યચરણ, શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ અને ગાદીપતિ શ્રીગોકુલેશના ચરણારવિંદમાં સદૈન્ય સતત પ્રાર્થના કે તેઓના સમર્થ ચરણારવિંદ બધાને સદ્‌બુદ્ધિ, માર્ગ-વિવેક અને સત્-અસત્‌ના પ્રભેદ કરવાનું સામર્થ્ય આપે કે જેથી આપણે બધા તેઓશ્રીના સાચા ચરણસેવક થઈ તેઓશ્રીની ચરણરજથી આપણું જીવન, આપણા સ્વભાવભેદ પ્રમાણે કૃતકૃત્ય કરી શકીએ.

बुद्धिप्रेरककृष्णस्य पादपद्मं प्रसीदतु।
ध्यानासमर्थजीवानामस्माकं सर्वदा स्वतः।।

(ભાગવતાર્થ નિબંધ ૫/૧)

ઉપર્યુકત લેખ કોઈ અન્ય વૃત્તિથી પ્રેરાઈને લખાયો નથી. પરંતુ આજની દેશકાળની પરિસ્થિતિના અયોગ્ય પ્રવાહમાં પોતાના ઘર અને આ ઘરના સ્વકીયજનોને સુરક્ષિત અને સ્વસ્થ કરવાના એક અત્યંત આત્મીયતાના પરિણામસ્વરૂપ છે. ફરી એક વાર આપ સૌને સ્મરણ કરાવું કે પુષ્ટિમાર્ગની વ્યવસ્થા બાબત કોઈપણ વિચાર, ચર્ચાવિચારણાં, પ્રશ્ન કે મુદ્દાનો આધાર શ્રી મહાપ્રભુના શબ્દો, શ્રીમહાપ્રભુના સિદ્ધાંતો જ હોઈ શકે. ઈતિ શુભમ્!

નોંધ:-શાસ્ત્રમાં ઊંડી રુચિ ધરાવનાર વ્યકિતઓને સૌહાર્દથી વિદિત કરીએ છીએ કે ઉપર્યુકત લેખ પ્રમાણવાકયો સાથે આપ્યો છે. છતાંય તેની પ્રસ્તુતિ જનસામાન્યની દૃષ્ટિએ કરવામાં આવી છે. તેથી મહાપ્રભુ શ્રી વલ્લભાધીશના સિદ્ધાંતથી બ્રહ્મસંબંધ, એના સ્વરૂપ અને વ્યવસ્થા બાબત જો વધુ સિદ્ધાંતવિષયક ચર્ચા કરવી હોય તો તેઓ સુખેન આમંત્રિત છે. ચર્ચાનો આધાર શાસ્ત્રના સાચા સ્વરૂપને બતાવનાર શ્રીમહાપ્રભુના, શ્રીપ્રભુચરણના તેમ જ ગાદીપતિ શ્રીગોકુલેશના સિદ્ધાંત

વચનો જ રહેશે.

મહાપ્રભુ શ્રીવલ્લભાધીશ, પ્રભુચરણ શ્રીવિઠ્ઠલેશ અને ગાદીપતિ શ્રીગોકુલેશના સિદ્ધાંત વચનોથી બ્રહ્મસંબંધ લેનાર વ્યકિત માટે સ્પષ્ટ થતી યોગ્યતાની નિયમાવલી

૧. પરમાત્મા શ્રીકૃષ્ણની પ્રેમ સહિત સેવા કરવાની તીવ્ર કામના.

૨. તે સેવાનું સ્વરૂપ જાણવા માટે આદર સહિત ગુરુ-સન્મુખતા અને ગુરુમુખથી ઉપદેશ મેળવવાની સંપૂર્ણ જિજ્ઞાસા.

૩. પુષ્ટિભકિતમાર્ગમાં થતી રુચિ, વેશભૂષા, ભાષાનો સ્વકીય જીવનમાં સમાવેશ.

૪. ભગવન્માર્ગના સ્વરૂપ, સિદ્ધાંત અને વ્યવસ્થાનો ઉપદેશ પ્રાપ્ત કરવા માટે જિજ્ઞાસા સહિત પોતાના આચાર્યસ્થાને અપેક્ષિત (આવશ્યક) અવધિનો નિવાસ કરવાનો દૃઢ નિશ્ચય.

નોંધ:- શાસ્ત્રનાં અનેક પ્રમાણવચનો આપણને આદેશ આપે છે કે ગુરુ-ઉપસત્તિ અર્થાત્ ગુરુ પાસે રહીને જ આપણે ભગવન્માર્ગનું જ્ઞાન પ્રાપ્ત કરી શકીએ. આપણા લૌકિક વ્યવહારમાં પણ વિદ્યા, વિત્ત મેળવવા ઘર, ગામ અને દેશ પણ છોડીને જ્યાં તે પ્રાપ્ત થતું હોય ત્યાં દોડી જઈએ છીએ, એટલું જ નહિ પણ કુટુંબકબીલાને છોડી લાંબો વખત ત્યાં નિવાસ કરીએ છીએ. તો પછી ભગવન્માર્ગનું જ્ઞાન મેળવવા આપણે ગુરુ ઘરે જવા માટે થોડો સમય પણ કેમ ન કાઢી શકીએ?

૫. બ્રહ્મસંબંધ દીક્ષા પછી તરત જ પોતાના ઘરમાં, આપણા માર્ગના નિયમાનુસાર, શ્રીપુરુષોત્તમસ્વરૂપ પધરાવીને પોતાના દેહ વડે, પોતાના સર્વસ્વ નિવેદન સહિત અસમર્પિત ત્યાગપૂર્વક કૃષ્ણસેવામય જીવન જીવવાની સંપૂર્ણ તૈયારી.

૬. આપણે બધા શ્રીમહાપ્રભુ અને તેઓના સિદ્ધાંતના દ્રોહી ન થઈએ તે માટે શ્રીવલ્લભ સંપ્રદાયમાં, મહાપ્રભુ શ્રીવલ્લભાધીશના સિદ્ધાંતથી

સર્વથા વિરુદ્ધ, કોઈપણ જાહેર અને વ્યાવસાયિક રીતે ચલાવવામાં આવતા, કહેવાતા પુષ્ટિમાર્ગીય મંદિર કે દેવાલયમાં ન જવું, કોઈપણ જાતના મનોરથ ન કરાવવા, ભેટ-સામગ્રી વગેરે ન આપવી. આવાં સ્થાનોમાં કેવળ દેવદ્રવ્યનો વ્યવહાર થતો હોવાથી ત્યાંનો પ્રસાદ (?) ન લેવો. આ પ્રમાણે પુષ્ટિપ્રભુને મહાપ્રભુના સિદ્ધાંત વિરુદ્ધ કોઈપણ જાતનો પરિશ્રમ થાય તેવાં જાહેર સ્થાનોને તન, મન કે ધનથી સહકાર ન આપવો, ન આપવો, ન આપવો.

૭. શ્રીવલ્લભાધીશના પુષ્ટિધર્મ બાબત કોઈપણ જિજ્ઞાસા, પ્રશ્ન કે શંકાનું સમાધાન કેવળ શ્રીમહાપ્રભુના સિદ્ધાંત-વચનોના આધારે જ પ્રાપ્ત કરવાનો હૃદયમાં દૃઢ નિશ્ચય.